પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૩-૧૨-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોંગ્રેસે જાતિ જાતિ વચ્ચે લડાવવાનું કામ કર્યું

## મોદીએ મુખ્યમંત્રી બન્યા પછી ગુજરાતની જનતાને એક કરી : અમિત શાહ

મહેસાણા,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર સરેરાશ ૬૩.૧૪ ટકા મતદાન નોંધાયુ છે. ત્યારે હવે રાજકીય પક્ષો બીજા તબક્કાની બેઠકો કબ્જે કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. પાંચ ડિસેમ્બરના રોજ બીજા તબક્કાનું મતદાન યોજાવાનું છે. ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો બીજા તબક્કાનો જંગ જીતવા તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી ગયા છે. ત્યારે આજે ગૃહ પ્રધાન અમિત શાહે મહેસાણાના નુગર ગામમાં ૮૪ કડવા પાટીદાર સંકુલ ખાતે જનસભા સંબોધી. જેમા તેમણે ગુજરાતના વિકાસ મુદે ફરી વિરોધીઓ પર વાર કર્યા. કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, ગુજરાતમાં કોંગ્રેસિયાઓએ જાતિ-જાતિ વચ્ચે લડાઈ કરાવી.



મહેસાણામાં સભા સંબોધતા ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે, મહેસાણા બેચરાજીની સીટ આપણા માટે ખૂબ મહત્વની છે. ૫મી તારીખે આપ સૌ એ ચૂંટણી માટે મતદાન કરવાનું છે. હું અપીલ કરું છું ભારે બહુમતીથી સુખાજી ઠાકોરને વિજેતા બનાવો. તો વધુમાં કહ્યું કે, તમારા મતથી ગુજરાત અને દેશને સલામત બનાવશે. દેશમાં વિકાસ યાત્રાની શરૂઆત કરી છે. ગુજરાતની જેમ દેશને સલામત અને શાંત બનાવવાની કવાયત કરી છે. તેમણે કહ્યુ કે, ગુજરાતની ચૂંટણી નરેન્દ્રભાઈના હાથ મજબૂત કરવાની ચૂંટણી છે. આપનો મત નરેન્દ્રભાઈના હાથ મજબૂત કરશે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મહેસાણાના નુગર ગામમાં જનસભા સંબોધી ગુજરાતના વિકાસ મુદે ફરી વિરોધીઓ પર વાર કર્યા. અમિત શાહે જણાવ્યું કે કોંગ્રેસના શાસન દરમ્યાન મહેસાણા સહિત સમગ્ર ઉત્તર ગુજરાત ડાર્ક ઝોનમાં હતું તેમ છતાં કોંગ્રેસને ગુજરાતની કોઈ ચિંતા જ નહોતી. કોંગ્રેસે નર્મદા યોજનાને પણ ખોરંભે ચઢાવી હતી. જેના કારણે આખું ગુજરાત દાયકાઓ સુધી તરસ્યું રહ્યું. પરંતુ આજે ભાજપના શાસનમાં નર્મદાના નીર ફક્ત મહેસાણા જ નહીં પરંતુ ઉત્તર ગુજરાતમાં થઈને રાજસ્થાનની તરસી ધરતી સુધી પહોંચે છે. ભાજપ સરકારે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ કરી. તેમણે કહ્યું કે ભાજપે બેચરાજીના વિકાસ માટે અનેક પગલાં ભર્યા છે. તો બેચરાજી મંદિરના વિકાસ માટે ૧ હજાર કરોડનો ખર્ચ કરવાની કટિબદ્ધતા પણ ચૂંટણી ઢંઢેરામાં વ્યક્ત કરવામાં આવી છે.

સભામાં અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યુ કે, પહેલા જાતિ-જાતિ વચ્ચે વર્ગો વચ્ચે લડાઈની પરંપરા કોંગ્રેસે ઊભી કરી હતી. અનેક પ્રકારના જાતિગત સમીકરણોના આધારે ગુજરાતની જનતાને તીતર બીતર કરી દીધી હતી. એ વકતે ગુજરાતની પાંચ કરોડની આબાદી હતી. પરંતુ તે સમયે ગુજરાતની જનતા એક ન હતી. પરંતુ નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા પછી આજે ગુજરાતના છ કરોડથી વધુ લોકો એક થઈ સમગ્ર ભારતના વિકાસ માટે કામ કરે છે. મહત્વનું છે કે બેચરાજી બેઠક પર ગત ચૂંટણીમાં કોંગ્રેસ જીતી હતી. આથી ગુમાવેલી બેઠક જીતવા અમિત શાહ હાલ મેદાને ઉતર્યા છે. આ બેઠક પર મોટા ભાગે ઠાકોર અને પાટીદાર મતદારોનું પ્રભુત્વ છે. બેચરાજીમાં પ્રથમ વખત ભાજપે સુખાજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ભાજપને મત એટલે દેશની સુરક્ષા, સલામતી, સમૃદ્ધિ અને યુવાઓના ભવિષ્યને મત. દેશ આઝાદ થયો ત્યારથી ૧૯૯૫ સુધી રાજ્યમાં કોંગ્રેસનું રાજ રહ્યું અને કોંગ્રેસના શાસનમાં ગામડાઓમાં કાયમ અંધારપટ છવાયેલો રહેતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી કાળમાં ૨૦૦૩-૦૪ દરમિયાન માત્ર બે વર્ષમાં ગુજરાતના પ્રત્યેક ગામમાં ૨૪ કલાક વીજળી મળતી થાય તેવી શરૂઆત કરી. તેઓએ કહ્યું કે સમગ્ર ઉત્તર ગુજરાતમાં પાણીની અછત એ અભિશાપ રૂપ હતી. ઉત્તર ગુજરાતના લોકોએ મહેનત કરવામાં કઈ જ બાકી ન રાખ્યું, પરંતુ પાણીના સ્તર ઊંડા હોવાના કારણે તેમની મહેનત વેડફાઈ જતી હતી. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નર્મદા યોજનાની શરૂઆત અને કડાણા ડેમમાંથી સુજલામ સુફલામ યોજના મારફત પાણી પહોંચાડી ભાજપાએ પાણીના સ્તર ઊંચા લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. મોદીજીએ ૨૦૦૫માં આમરણાંત ઉપવાસ કર્યા અને મનમોહન સરકારને ઝુકવું પડ્યું, યોજનાનું કામ આગળ વધ્યું. ત્યારબાદ ૨૦૧૪માં મોદી દેશના પ્રધાનમંત્રી બન્યાના ૧૫ દિવસમાં જ દરવાજા લગાવવાની મંજૂરી આપી અને આપણે ગુજરાતના દૂર સુધીના ગામડાઓ સુધી નર્મદાનું પાણી પહોંચાડી શક્યા. તેઓએ ઉપસ્થિત જનસમૂહને ૧૯૬૩ થી ૨૦૦૫ સુધી નર્મદા યોજનાને રોકી ગુજરાતનો વિકાસ રુંધવા માટે કોંગ્રેસ પાસે હિસાબ માગવાની હાકલ કરી હતી.

શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ જવાબદારી સંભાળ્યા બાદ કોમી હુલ્લડો અને કરફ્યુનું નામો નિશાન સમાપ્ત થયું. ૨૦૦૨માં કોંગ્રેસે તેની નીતિરિતી પ્રમાણે હુલ્લડ શરૂ કર્યા. ત્યારે તેમને એવો પાઠ ભણાવ્યો કે આજ દિન સુધી ખો ભૂલી ગયા. કોંગ્રેસના શાસનમાં દ્વારકાથી પોરબંદર સુધીના દરિયાકાંઠા પર દાણચોરીનો અડ્ડો બન્યો હતો. ભાજપે આ તમામ સરહદોશીલ કરી છે.

## ઠાકરે જૂથનો શિંદે જૂથ પર ફરી સૌથી મોટો આરોપ, ગુવાહાટી ગયેલા ધારાસભ્યોને ૫-૫ કરોડ મળ્યા

મુંબઈ,

મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ફરી એકવાર ગરમાયો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) જૂથના નેતાએ એક આરોપ લગાવ્યો છે કે તાજેત્તરમાં મુખ્યપ્રધાન એકનાથ શિંદેના ટેકો આપતા સાંસદ અને ધારાસભ્યો જે ફરીથી ગુવાહાટી ગયા હતા, તે કામાખ્યા દેવી મંદિરમાં બાધા પૂર્ણ કરવા અને આર્શીવાદ લેવા નહતા ગયા. તેમની વચ્ચે ૫-૫ કરોડ રૂપિયા વહેંચાયા, તેથી તેઓ ફરી ગુવાહાટીના પ્રવાસ પર ગયા. ઠાકરે જૂથના નેતા ચંદ્રકાંત ખેરના આ આરોપ પહેલા ઠાકરે જૂથ સતત આ આરોપ લગાવતું રહ્યું છે કે શિંદે સમર્થકોને બળવા માટે ૫૦ કરોડ આપવામાં આવ્યા હતા.





થોડા સમય પહેલા જ એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના ૫૫માંથી ૪૦ ધારાસભ્યોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વની વિરૂદ્ધ બળવો કર્યો હતો. મૂળ શિવસેનામાંથી બળવો કરનારા ધારાસભ્યો પહેલા સુરત ગયા હતા અને ત્યારબાદ ગુવાહાટી પહોંચ્યા હતા. ત્યારબાદ રાજ્યમાં મહાવિકાસ આઘાડી સરકાર લઘુમતીમાં આવતા સત્તા ગુમાવી હતી. ઠાકરે ગ્રુપનો આરોપ છે કે ઠાકરેના નેતૃત્વની સામે ધારાસભ્યોને ૫૦-૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા. ત્યારબાદ શિવસેનાના ૭૫ ટકાથી વધારે સાંસદ પણ શિંદે જૂથમાં જોડાયા, હવે ઠાકરે સમર્થક નેતા અને પૂર્વ સાંસદ ચંદ્રકાંત ખેરે નવો આરોપ લગાવતા કહ્યું કે આ સમર્થક નેતાઓ જે ફરી વાર ગુવાહાટી ગયા, તેમને ત્યાં ૫-૫ કરોડ રૂપિયા મળ્યા.

શિંદે જૂથમાં આવતા શિવસેનાના સાંસદોમાં પહેલું નામ તેમના પુત્ર શ્રીકાંત શિંદેનું છે, જે કલ્યાણના સાંસદ છે. આ ઉપરાંત રામટેકથી રામકૃપાલ તુમાને, હિંગોલીના હેમંત પાટીલ, શિરડીથી સદાશિવ લોખંડે, યવતમાલથી ભાવના ગવળી, દક્ષિણ-મધ્ય મુંબઈથી રાહુલ શેવાળે, બુલઢાણાથી પ્રતાપરાવ જાધવ, પાલઘરથી રાજેન્દ્ર ગાવિત, નાસિકથી હેમંત ગોડસે, શ્રીરંગ બારણે માવલ અને થાણેથી રાજન વિચારેના નામ ગણાવાઈ રહ્યાં છે.

ફડણવીસે ૨૦૧૯ અને હવે ૨૦૨૨નો ઉદ્ધવ ઠાકરેનો વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું કે કેટલાક લોકો ન તો જનતાની વાત સાંભળે છે, ન તો તેમના મનમાં આપેલા વચનને પૂર્ણ કરે છે. ૨૦૧૯થી ૨૦૨૨ સુધી ખેડૂતોએ તેમની પોકળ ખાતરી સાંભળી. પણ હું જે કહું છું તે કરું છું. માત્ર બલૂનમાં હવા ન ભરો. મેં ૨૨ નવેમ્બરે જ મહાવિતરણ (વીજળી વિતરણ કંપની)ને આ આદેશ આપ્યો છે. આ સરકાર ખેડૂતોને દરેક રીતે મદદ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

## દુનિયાના સૌથી મોંઘા શહેરમાં ન્યુયોર્ક અને સિંગાપોર ટોચ પર, ટોપ ૧૦૦માં ભારતનું કોઈ શહેર સામેલ નથી

નવીદિલ્હી,

દુનિયાભરમાં મોંઘવારી સતત વધતી જાય છે. અને લોકોની જીવનશૈલી પણ સતત બદલાતી જાય છે. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે દરેક શહેરમાં આટલી મોંઘવારી હોતી નથી, ઘણા એવા શહેર છે જે જીવન જીવવા માટે પ્રમાણમાં સસ્તા છે, પરંતુ આજે આપણે અહિં દુનિયાના સૌથી મોંઘા શહેર વિશે વાત કરી રહ્યા છીએ. લંડનના ઈકોનોમિસ્ટ યૂનિટના ‘વલ્ડવાઈડ ઓફ લિવિંગ સર્વે અનુસાર વિશ્વના સૌથી મોંઘા શહેરો સંયુક્ત રીતે ન્યુયોર્ક અને સિંગાપોર છે. આ પહેલી વખત છે જ્યારે ન્યૂયોર્ક રેંકિંગમાં ટોચ પર છે. વિશ્વના સૌથી મોટા શહેરોમાં રહેવાની સરેરાશ કિંમત આ વર્ષે ૮.૧% વધી છે. યુક્રેનમાં યુદ્ધ અને સપ્લાય ચેન પર કોવિડની અસરને આ મોંઘવારી વધારા પાછળના પરિબળો તરીકે ઓળખવામાં આવી હતી.

મોટા વૈશ્વિક શહેરોમાં ઊર્જાના કિંમતમાં વધારો થવાથી ફુગાવાનો દર બમણો થયો છે. વિશ્વના મુખ્ય શહેરોમાં સર્વેક્ષણ કરાયેલા ૧૭૨ શહેરોમાં રહેવાની કિંમત વાર્ષિક સરેરાશ ૮.૧ ટકા વધી છે. આ દર છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી વધુ છે. આ યાદીમાં ત્રણ ભારતીય શહેરોના નામ પણ છે પરંતુ ટોપ ૧૦૦માં ભારતનું કોઈ શહેર સામેલ નથી.

વિશ્વના ૧૦ સૌથી મોંઘા શહેરોની યાદીમાં ત્રણ અમેરિકન શહેરો ન્યૂયોર્ક, લોસ એન્જલસ અને સાન ફ્રાન્સિસ્કો સામેલ છે. આ પ્રથમ વખત બન્યુ છે જ્યારે ન્યૂયોર્કને ત્રણ શહેરો યાદીમાં ટોપ પર હોય. કિંમતોમાં વધારા અને ડોલરની મજબુતાઈ વચ્ચે સર્વેમાં સામેલ તમામ ૨૨ યુએસ શહેરોએ પણ રેંકિંગમાં વધારો જોવા મળ્યો છે. આમાંથી છ (એટલાન્ટા, શાર્લોટ, ઈન્ડિયાનાપોલિસ, સાન ડિએગો, પોર્ટલેન્ડ અને બોસ્ટન) એ ૧૦ શહેરોમાં સામેલ છે જેણે રેંકિંગમાં સૌથી વધુ ઉછાળો નોંધાવ્યો છે. જોકે મોટાભાગના યુરોપિયન શહેરોએ તેમની રેંકિંગમાં ઘટાડો કર્યો છે.

વૈશ્વિક સર્વેમાં જાહેર કરાયેલા રેંકિંગમાં ઈઝરાયેલનું શહેર તેલ અવીવ ગયા વર્ષે ટોચ પર હતું, જે હવે ત્રીજા સ્થાને આવી ગયું છે. સૌથી મોટો ફેરફાર રશિયન શહેરો મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગની રેંકિંગમાં થયો છે. ભારે ફુગાવાના સંદર્ભમાં, બંનેનું રેંકિંગ અનુક્રમે ૮૮ અને ૭૦ પોઈન્ટ્સ વધ્યું છે.

હકીકતમાં, યુક્રેનમાં યુદ્ધ, રશિયા પર પશ્ચિમી પ્રતિબંધો અને ચીનની કોવિડ નીતિઓએ સપ્લાય-ચેઈન સમસ્યાઓને કારણે સમગ્ર વિશ્વમાં મોંઘવારી ઝડપથી વધી રહી છે. રિપોર્ટ અનુસાર દુનિયાના સૌથી સસ્તા શહેરો સીરિયાના દમાસ્કસ અને લિબિયાના ત્રિપોલી છે. આ સ્થિતિ આ દેશોની નબળી અર્થવ્યવસ્થા અને ચલણને દર્શાવે છે. મોંઘવારીની યાદીમાં ત્રણ ભારતીય શહેરો પણ સામેલ છે. જેમાં બેંગ્લોર ૧૬૧માં, ચેન્નાઈ ૧૬૪માં અને અમદાવાદ ૧૬૫માં ક્રમે છે. આ વર્ષે ઓગસ્ટથી સપ્ટેમ્બર વચ્ચે કરવામાં આવેલા આ સર્વેમાં વિશ્વભરના શહેરોમાં ૨૦૦ થી વધુ વસ્તુઓ અને સેવાઓની કિંમતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

સૌથી મોંઘું શહેર

રેંક અને સિટી ૧ – ન્યૂયોર્ક, ૧ – સિંગાપોર, ૩ – તેલ અવીવ, ૪ – હોંગકોંગ, ૪ – લોસ એન્જલસ, ૬ – ઝ્યુરિચ, ૭ – જિનીવા ૮ – સાન ફ્રાન્સિસ્કો, ૯ – પેરિસ, ૧૦ – સિડની ૧૦ – કોપનહેગન.

## ચીન કે કોઈ અન્ય દેશની પાસે ભારતના સૈન્ય અભ્યાસ પર કોઈ અધિકાર કે વીટો નથી : ભારત

નવીદિલ્હી,

ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખાથી લગભગ ૧૦૦ કિમી દૂર ભારત-અમેરિકાના સંયુક્ત સૈન્ય અભ્યાસ ’યુદ્ધ અભ્યાસ’ થી ચીને નારાજ થયું છે. ચીને સૈન્ય અભ્યાસ સામે વાંધો ઉઠાવતા તેનો વિરોધ કર્યો છે. ચીને સંયુક્ત ભારત-અમેરિકા સૈન્ય અભ્યાસનો વિરોધ કરતા કહ્યું છે કે તે નવી દિલ્હી અને બેઇજિંગ વચ્ચે થયેલા બે સરહદ કરારની ભાવનાનું ઉલ્લંઘન કરે છે. ભારતે ચીનના વાંધાને સીધો ફગાવી દીધો છે. ભારતે કહ્યું કે યુદ્ધ અભ્યાસને ૧૯૯૩ના કરાર સાથે કોઈ લેવાદેવા નથી. ચીન પોતે જ સમજૂતીનું ઉલ્લંઘન કરે છે, તેણે પહેલા પોતાના વ્યવહારના ઉલ્લંઘન વિશે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

વિદેશ મંત્રાલયે કહ્યું, "ચીન અથવા અન્ય કોઈ દેશને ભારતના સૈન્ય અભ્યાસ પર કોઈ અધિકાર અથવા વીટો નથી." ભારતે ગુરુવારે ઉત્તરાખંડના ઔલીમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક યુએસ સાથે સંયુક્ત યુદ્ધ અભ્યાસ અંગેના ચીનના વાંધાને નકારી કાઢતા ગુરુવારે કહ્યું કે તે આવા મુદ્દાઓ પર કોઈ ત્રીજા દેશને ’વીટો’ આપી શકે નહીં.

ચીન પર પ્રહાર કરતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ પત્રકારોને જણાવ્યું હતું કે ઔલીમાં અમેરિકા સાથે સંયુક્ત યુદ્ધ અભ્યાસને ચીન સાથેના ૧૯૯૩ અને ૧૯૯૬ના કરારો સાથે કોઈ લેવાદેવા નથી. બાગચીએ કહ્યું, "ચીન પક્ષે આ મુદ્દો ઉઠાવ્યો હોવાથી, હું રેખાંકિત કરીશ કે ચીને ૧૯૯૩ અને ૧૯૯૬ના કરારોના ઉલ્લંઘન વિશે પોતાને માટે વિચારવું જોઈએ. ,

તેમણે કહ્યું- ભારતે કોની સાથે યુદ્ધ અભ્યાસ કરે છે, તેને લઈને કોઈ ત્રીજો પક્ષ વીટો પ્રદાન કરી શકે નહીં. તેમણે કહ્યું કે, ભારતનો અમેરિકા સાથે સંબંધ છે અને તેને કોઈ વીટો ન કરી શકે. નોંધનીય છે કે ચીને અમેરિકાની સાથે ઉત્તરાખંડમાં ભારતના યુદ્ધ અભ્યાસનો વિરોધ કરતા કહ્યું હતું કે ચીન-ભારત પાસે વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક ભારત અને અમેરિકા વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ ૧૯૯૩ અને ૧૯૯૬માં ચીન અને ભારત વચ્ચે થયેલી સમજુતીની ભાવનાનું ઉલ્લંઘન કરે છે.

## ૩૦ લાખની લાંચ કેસમાં ફરાર IRS સંતોષ કરનાની ભાગેડુ જાહેર

અમદાવાદ,

અમદાવાદમાં ૩૦ લાખની લાંચના કેસમાં ફરાર આઈઆરએસ સંતોષ કરનાનીને ભાગેડુ જાહેર કરાયો છે. સંતોષ કરનાનીને સીબીઆઈ કોર્ટે ભાગેડુ જાહેર કર્યો છે. સંતોષ કરનાની વિરુદ્ધ બિન જામીન પાત્ર વોરંટ ઈસ્યુ થયુ છે. ભાગેડુ સંતોષ કરનાનીને શોધવા માટે સીબીઆઈ દ્વારા અલગ અલગ ૨૧ સ્થળોએ સામુહિક દરોડા પાડ્યા છે. સંતોષના નિવાસ તથા તેના સગા સંબંધીઓના નિવાસે દરોડા પાડવામાં આવ્યાં છે. સર્ચ દરમિયાન સંતોષ વિરુદ્ધ અનેક દસ્તાવેજી પુરાવા મળ્યા છે. આપને જણાવી દઈએ કે, સીબીઆઇને રૂપિયા ૪૧.૯૬ લાખની FDના પુરાવા મળ્યા છે. સીબીઆઈએ સંતોષ કરનાનીને વોન્ટેડ જાહેર કરવાની સાથે રૂપિયા ૧ લાખના ઈનામના પોસ્ટર્સ પણ જાહેર કરાયા છે. આપને જણાવી દઈએ કે, અમદાવાદમાં એડિશનલ આઈટી કમિશ્નર સામે રૂપિયા ૩૦ લાખની લાંચની ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદના આશ્રમરોડ પર આવેલા આવકવેરા વિભાગના મુખ્ય ભવનમાં ફરજ બજાવતા એડિશનલ કમિશનર સંતોષ કરનાનીએ ૩૦ લાખ રૂપિયા જેટલી રકમની લાંચ માંગી હતી. એડિશનલ કમિશનર લાંચ લેતા રંગ હાથે પકડાય તે પહેલા જ ભાગી ગયા હતા. ACBએ ૩૦ લાખની લાંચ લેવાનો ગુનો નોંધ્યો હતો. એડિશનલ કમિશનરે આંગડિયા મારફતે આ રકમ મગાવી હતી. મળતી માહિતી પ્રમાણે આરોપી સંતોષ કરનાનીએ ફરિયાદીને તેમની ઓફિસે બોલાવી ખૂબ જ મોટુ આર્થિક નુકશાન કરાવવાની વારંવાર ધમકી આપતા હતા અને ફરીયાદીને આર્થિક નુકશાન ના થાય તેવું કામ કરવા માટે ફરીયાદી પાસે ગેરકાયદે રીતે પૈસાની માંગણી કરતા હતા.

## ભારતમાં બેરોજગારીનો દર વધીને આઠ ટકા પર પહોંચી ગયો

નવીદિલ્હી,

સેન્ટર ફોર મોનેટરિંગ ઈન્ડિયન ઈકોનોમીએ જાહેર કરેલાં ડેટા અનુસાર નવેમ્બરક્ક મહિનામાં બેરોજગારીનો દર ત્રણ મહિનાની ઊંચી સપાટી પર પહોંચી ગયો હતો. શહેરોમાં બેરોજગારીનો દર પાછલા મહિને ૭.૨૧ ટકા હતો તે નવેમ્બરમાં વધીને ૮.૯૬ ટકા થઈ ગયો હતો. બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર ૮.૦૪ ટકાથી ઘટીને ૭.૫૫ ટકા થયો હતો. મુંબઈમાં આધારિત CMIEના રોજગારના ડેટા પર અર્થશાસ્ત્રી અને નીતિ તૈયાર કરનારાઓ બારીકાઈથી નજર રાખે છે, કેમ કે સરકાર તેના પોતાના માસિક આંકડા જાહેર કરતી નથી. બીજી તરફ એનએસઓના આંકડા અનુસાર શહેરી વિસ્તારોમાં ૧૫ વર્ષથી વધારે વયના લોકો માટે બેરોજગારીનો દર ૯.૮ ટકાથી ઘટીને ૭.૨ ટકા પર પહોંચ્યો હતો. એનએસઓના આ સર્વેથી જાણકારી મળે છે કે શહેરી વિસ્તારોમાં જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન મહિલાઓમા બેરોજગારીનો દર એક વર્ષ અગાઉના ૧૧.૬ ટકાથી ઘટીને ૯.૪ ટકા થઈ ગયો હતો. એપ્રિલથી જૂન ક્વાર્ટરમાં તેનો દર ૯.૫ ટકા હતો. જો કે આ તુલના ૨૦૨૧ના એવા ગાળા સાથે કરવામા આવી છે કે જ્યારે કોરોના સંબંધિત પ્રતિબંધોના કારણે બેરોજગારીનો દર વધ્યો હતો. ડેટા અનુસાર એપ્રિલથી જૂન ૨૦૨૨ના ગાળા દરમિયાન ૧૫ વર્ષથી વધુ વયના શહેરી વિસ્તારના લોકોમા બેરોજગારીનો દર ૭.૬ ટકા હતો.

## ભારત, અફઘાનિસ્તાનમાં ૨૦ પ્રોજેક્ટ ફરી શરૂ કરાશે

નવીદિલ્હી,

અફઘાનિસ્તાનના શહેરી વિકાસ અને આવાસ મંત્રી હમીદુલ્લા નોમાની તથા ભારતના રાજદૂત ભરતકુમાર વચ્ચે યોજાયેલી મંત્રણા દરમિયાન ભરત કુમારે બંને દેશો વચ્ચે સંબંધો સુધારવા તથા બંધ પડેલી પરીયોજનાઓ ફરી શરૂ કરવા અંગે, ભારતે તેની તત્પરતા વ્યક્ત કરી હતી. ટોલો ન્યૂઝના રીપોર્ટ પ્રમાણે જાણવા મળ્યું છે કે, ભારતે દેશના કેટલાયે પ્રાંતોમાં બંધ પડેલી ઓછામાં ઓછી ૨૦૫૧ યોજનાઓમાં ફરી કામ શરૂ કરવાની તૈયારી દર્શાવે છે.



અફઘાનિસ્તાનના શહેરી વિકાસ અને આવાસ મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ કમાલ અફઘાને કહ્યું હતું કે આ પરિયોજનાઓ પહેલાંની કારઝાઈ સરકાર દરમિયાન શરૂ કરવામાં આવી હતી, પરંતુ રાજકીય પરિવર્તન તથા અન્ય કારણોસર તેમાં વિલંબ થયો હવે, આ પરિયોજનાઓનો (પ્રોજેકટસ) ફરી શરૂ કરવા અમે ઈચ્છીએ છીએ.

આ અંગે અર્થશાસ્ત્રીઓ કહે છે કે તે પ્રોજેકટસ ફરી શરૂ થતાં અફઘાનિસ્તાનમાં નોકરીની તકો વધશે, અને દેશમાં વિકાસમાં વૃદ્ધિ થશે. તેઓએ કહ્યું કે સ્થાનિક લોકોનું પણ આમ જ માનવું છે કે, આ પ્રોજેક્ટસ ફરી શરૂ થતાં બેકારી ઘટશે સાથે ગરીબી પણ ઘટશે અફઘાન ઈજનેરોની ક્ષમતા વધશે. આ ઉપરાંત, શિક્ષણ પણ વધારવા તથા માસ્ટર્સ અને પી.એચ.ડી. માટે ભારત તરફથી શિષ્યવૃત્તિ પણ આપવા ભારતને અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત મોહમ્મદ કલામ અફઘાને ભારતીય રોકાણકારોને અફઘાનિસ્તાનમાં રોકાણ કરી વ્યાપાર, ઉદ્યોગો સ્થાપવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. આમ છતાં હજી ભારતે તેના ઈજનેરો અને અન્ય ધંધાર્થીઓને અફઘાનિસ્તાનમાં મોકલવા કોઈ નિર્ણય લીધો નથી કારણ કે તે તેમની સલામતી માટે સચિંત છે. કારણ કે થોડા સમય પૂર્વે જ ત્યાં આતંકીઓએ કેટલીયે પરિયોજનાઓને તથા ધાર્મિક સ્થળોને નિશાન બનાવ્યાં છે.


તાલિબાનોએ સત્તા હાથ કરી તે પૂર્વે ભારતે ત્યાં આશરે ૩ બિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું. ભારતે હેરીન પ્રાંતમાં ૪૨ મે.વો. વીજળી ઉત્પન્ન કરી શકે તેવો સલમા બંધ બાંધી આપ્યો હતો. તેનું વિમોચન ૨૦૧૬માં કરાયું હતું તેને ભારત-અફઘાન મૈત્રીનું પ્રતીક મનાય છે. અન્ય પરિયોજનાઓમાં ૯૦ મિલિયન ડોલરના ખર્ચે અફઘાન સંસદ ભવન પણ બનાવી આપ્યું હતું. ૨૦૧૬માં વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ અશરફ ગનીએ કાબુલમાં પુર્નસ્થાપિત સ્ટોર પેલેસનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

બીજી તરફ અફઘાનિસ્તાને પાકિસ્તાનને ખુલ્લી ધમકી આપી હતી કે તેના હજ્જારો તાલિબાન, પાકિસ્તાનમાં ઘૂસીને હજ્જારો ઘરોએ આગ લગાડી દેશે અને ઈસ્લામવાદને અફઘાનિસ્તાનનું બીજું પાટનગર બનાવી દેશે. કારણ કે પાકિસ્તાન અફઘાનિસ્તાનને દુનિયાભરમાં બદનામ કરી રહ્યું છે.

## યુએનમાં મહાત્મા ગાંધીની પ્રતિમા સ્થાપિત થશે, વિદેશ મંત્રી એસ જયશંકર ૧૪ ડિસેમ્બરે ઉદ્‌ઘાટન કરશે

નવીદિલ્હી,

વિદેશ મંત્રી એસ જયશંકર અને યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ ૧૪ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું ઉદ્‌ઘાટન કરશે.વિદેશ મંત્રી એસ જયશંકર અને યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ ૧૪ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું ઉદ્‌ઘાટન કરશે.તે શક્તિશાળી ૧૫-રાષ્ટ્રોની સુરક્ષા પરિષદના ભારતના પ્રમુખપદ દરમિયાન યુએન હેડક્વાર્ટર ખાતે મહાત્માના આગમનને ચિહ્નિત કરશે.



ભારતે ગુરુવારે સુરક્ષા પરિષદનું માસિક ફરતું પ્રમુખપદ સંભાળ્યું, ઓગસ્ટ ૨૦૨૧ પછી બીજી વખત જ્યારે ભારત ચૂંટાયેલા યુએનએસસી સભ્ય તરીકે તેના બે વર્ષના કાર્યકાળ દરમિયાન કાઉન્સિલની અધ્યક્ષતા કરી રહ્યું છે. મહાત્મા ગાંધીની પ્રતિમા યુનાઈટેડ નેશન્સ બિલ્ડીંગના "પ્રતિષ્ઠિત" ઉત્તર લૉનમાં મૂકવામાં આવશે, જે પ્રથમ વખત યુએનએચક્યુ ખાતે મહાત્માની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. પ્રખ્યાત ભારતીય શિલ્પકાર પદ્મશ્રી પુરસ્કાર વિજેતા રામ સુતાર દ્વારા બનાવવામાં આવેલ આ પ્રતિમા, જેમણે ’સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પણ ડિઝાઈન કરી હતી, તે ભારત તરફથી ભેટ હશે અને તે યુએન હેડક્વાર્ટરમાં સ્થાપિત કરવામાં આવશે, જે વિશ્વભરમાંથી ભેટો અને કલાકૃતિઓ ગર્વથી રાખે છે. દર્શાવે છે ડિસેમ્બર મહિના માટે, કાઉન્સિલમાં ભારતનો ૨૦૨૧-૨૦૨૨નો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રથમ મહિલા સ્થાયી પ્રતિનિધિ કંબોજા રાષ્ટ્રપતિ પદ પર બેસશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી બે વર્ષની મુદત માટે ભારત, આયર્લેન્ડ, કેન્યા, મેક્સિકો અને નોર્વેના સ્થાને પાંચ નવા કાઉન્સિલ સભ્યો લેશે. ચીન ઉપરાંત ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ, અલ્બેનિયા, બ્રાઝિલ, ગેબોન, ઘાના અને સંયુક્ત આરબ અમીરાત સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગરના બાલાસિનોર તાલુકામાં તાલુકાના ૪૪ ગામના સરપંચોએ પડતર પ્રશ્નોને લઈ ચુંટણીથી દુર રહ્યા

લુણાવાડા,
વિધાનસભાની ચુંટણી આવતાની સાથે લોકો દ્વારા પક્ષમાં જોડાવાનુ અને નીકળવાનુ પ્રક્રિયા ચાલુ થતી હોય છે ત્યારે બાલાસિનોર તાલુકામાં કઈંક અલગ જ બનાવ જોવા મળ્યો હતો. જેમાં તાલુકાના આશરે ૪૪ ગામોના સરપંચોએ અનેક પડતર પ્રશ્નોનુ નિરાકરણ ન આવતુ હોવાનુ કારણ આગળ ધરીને નારાજગી દર્શાવીને ચુંટણી પ્રક્રિયાની કામગીરી બાબતે નિષ્ક્રિય રહેવા અને કોઈ પક્ષનુ કામ ન કરવાનુ નકકી કર્યુ હતુ. આ બાબતે જેઠોલીના સરપંચ દિપક પંચાલે બાલાસિનોર તાલુકાના અનેક સરપંચના પ્રશ્નોનુ નિરાકરણ ન આવતા ચુંટણીલક્ષી કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તેમ જણાવ્યુ હતુ. આ બાબતે ૩૦થી ૩૫ પંચાયતોના ગ્રામ સરપંચોની મિટીંગ યોજાઈ હતી. સરપંચોએ તેમણે ચુંટણી ટાંણે પાર્ટીના સભ્યો દ્વારા કોઈ પુછવામાં આવતુ ન હોવાના કારણે ચુંટણીમાં કોઈપણ પક્ષનુ કામ કરવા નહિ તથા ચુંટણી પ્રક્યિામાંથી દુર રહેવા સરપંચો દ્વારા નકકી કરાયુ છે. વિધાનસભામાં ત્રિપાંખીયો જંગ જામી ચુકયો છે ત્યારે સરપંચ એસોસિએશન દ્વારા કામગીરી ન કરવાથી ચુંટણી કયા ઉમેદવારને નુકસાન જશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે.

# મહિસાગરના બે સ્કુલના ૧૫ ખેલાડીઓ નેપાળ ખાને ઈવેન્ટ સેવન ઈન્ટરનેશનલમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ જીતી ગૌરવ વધાર્યુ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહિસાગર જીલ્લાના ખેલાડીઓએ નેપાળ ખાતે સંયુકત ભારતીય બેંક ફાઉન્ડેશન આયોજીત ઈવેન્ટ સેવન ઈન્ટરનેશનલ ગેમ્સમાં ભારત, કતાર અને નેપાળ ત્રસ દેશોએ ભાગ લીધો હતો.

નેપાળ ખાતે યોજાયેલ સંયુકત ભારતીય બેંક ફાઉન્ડેશન આયોજીત ઈવેન્ટ સેવન ઈન્ટરનેશનલ ગેમ્સમાં ભારતના ૩૦૦ ખેલાડી જેમાં મહિસાગરની વાઈબ્રન્ટસ વેન્સ સ્કુલના ૧૫ અને વેદાંત સ્કુલનો ૧ ખેલાડી સિલેકટ થયા હતા. ૧૫ નવેમ્બરના રોજ ખેલાડીઓ સ્પોર્ટસ એકેડમીના કોચ સાથે ગયા હતા. મહિસાગર જીલ્લાના સાત ખેલાડીઓ સ્કેટીંગમાં ગોલ્ડ મેળવ્યા. કરાટેમાં ત્રણ ખેલાડીઓએ ગોલ્ડ મેળવ્યા. બેડમિન્ટનમાં સોલો અને ટીમ એમ બે રમત રમી ૩ ખેલાડીઓ ગોલ્ડ મેળવ્યા. જયારે ૧ ખેલાડીએ સિલ્વ મેળવ્યો. જયારે ૧ ખેલાડીએ ટેક વોકુ સ્પર્ધામાં સિલ્વર મેળવીને મહિસાગર જીલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

### સાત ખેલાડીઓએ સ્કેટિંગમાં ગોલ્ડ મેળવ્યું

૧. દેવાંશ ડીંડોર
૨. પર્વ દોશી
૩. ભવ્ય કદમ
૪. ચેત્સી પટેલ
૫. કેવિન પટેલ
૬. રિયાંશ પંચાલ
૭. વ્યોમ પટેલ

### ઉપરાંત એક ખેલાડીએ ટેક વાંડું સ્પર્ધામાં સિલ્વર મેળવ્યું હતું

તેજસ મારિયા

### ત્રણ ખેલાડીઓએ કરાટેમાં ગોલ્ડ મેળવ્યું

૧. સાનિયા મલેક
૨. પહલ પટેલ
૩. પ્રોક્ષી પટેલ

### બેડમિન્ટનમાં સોલો અને ટીમમાં એમ બે પ્રકારે રમત રમી ત્રણ ખેલાડીઓએ ગોલ્ડ અને એક ખેલાડીએ સિલ્વર મેળવ્યું હતું

૧. યુગવીર ડિંડોર
૨. ભવ્ય ડબગર
૩. ઋષભ પંચાલ
૪. સાત્વિક ભાવસાર (સિલ્વર)

# ફતેપુરાના ઈટાબારા ગામે તુફાન ગાડી માંથી ૨.૪૪ લાખનો ઈંગ્લીશ દારૂ એલ.સી.બી.પોલીસે ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઈટાબારા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક તુફાન ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો રૂા. ૨,૪૪,૮૦૦ પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૫૪,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે જ્યારે પોલીસને ચકમો આપી તુફાન ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૧ ડિસેમ્બરના રોજ રાત્રીના એકાદ વાગ્યાના આસપાસ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ઈટાબારા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક તુફાન ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. જ્યારે દુરથી પોલીસને જોઈ ગાડીમાં સવાર ચાલક ગાડી માંથી કુદકો મારી અંધારાનો લાભ લઈ નજીકના ઝાંડી ઝાંખરા માંથી પસાર થઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ગાડી માંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૨૪૪૮ જેની કિંમત રૂા. ૨,૪૪,૮૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૫૪,૮૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી. આ સંબંધે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલના ખંડોળી ગામે પરણિતાને પતિએ શારીરિક માનસીક ત્રાસ આપતા ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના ખંડોળી ગામે રહેતી પરણિતાને પતિ અને સાસુએ શારીરિક માનસીક ત્રાસ આપી ૩૦ નવેમ્બરના રોજ લાકડાના દંડા વડે મારી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખંડોળી ગામે રહેતી પરણિતા ક્રિશ્નાબેન વિજયભાઈ રાઠોડને ૨૬ મે ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર સુધીના સમયગાળામાં તેમના પતિ વિજય અમરતભાઈ રાઠોડ અને સાસુ કાળીબેન બન્નેએ શારીરિક-માનસીક ત્રાસ આપી ૩૦ નવેમ્બરના રોજ ભયજીભાઈ પરમારના ઘર સામે ગાળો આપી માથાના ભાગે લાકડા વડે ઈજાઓ પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# સંજેલી ખેડુત મંડળી સેન્ટર ઉપર ખાતર માટે મોટી ભીડ જામી

સંજેલી,
સંજેલી તાલુકા મથકે આવેલી ખેડુત મંડળી સેન્ટર ઉપર ખેડુતોની ખાતર માટે ભીડ જોવા મળી હતી. સંજેલીમાં અન્ય પ્રાઈવેટ એગ્રો સેન્ટર ઉપર જાણ ખાતર જ ના મળતુ હોય તેમજ એગ્રો સેન્ટર ઉપરથી ખાતર વિતરણ ન થતાં સંજેલી ખાતે આવેલી મંડળી ઉપર વહેલી સવારથી જ ખેડુતોની ભીડ જામી હતી. મોડી રાત સુધી ખાતરનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. સંજેલી મંડળી પરથી ૪૦૦ જેટલા ખેડુતોએ સાંજના સાત વાગ્યા સુધીમાં લાઈનમાં ઉભા રહી અને ૫૦૦ જેટલી ખાતરની બેગ ઉપાડી હતી. શિયાળુ પાકની ખેતીની સીઝન છતાં પણ કેટલાક એગ્રો સેન્ટરના સંચાલકો દ્વારા ઉંચો ભાવ તેમજ મન મરજીથી ભાવથી વહેંચણી કરવા માટે અછત ઉભી કરતા હોય તેમ પણ ખેડુતોમાં ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે ખેતીવાડી અધિકારી દ્વારા આવા એગ્રો સેન્ટર ઉપર યોગ્ય તપાસ કરે અને ખેડુતોને પુરતા પ્રમાણમાં ખાતર મળી રહે તેમજ સમયસર ખાતર મળી રહે તેવી વ્યવસ્થા કરે તેવી માંગ છે.

# લુણાવાડા સ્પે.પોકસો કોર્ટ બે સગીરાની છેડછાડના ગુન્હામાં આરોપીને ૨ વર્ષની સખત કેદની સજા ફટકારી

લુણાવાડા,
મહિસાગર જીલ્લાના બાલાસીનોર પોલીસ મથકના પોકસોના ગુન્હામાં આરોપી વિરૂદ્ધ લુણાવાડા એડીશનલ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપીને બે વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

બાલાસીનોર પોલીસ મથકે આરોપી અજીત રમેશભાઈ ઠાકોર (નવા ઓટા, બાલાસીનોર) ૧ વર્ષ અગાઉ ૧૬ વર્ષની સગીરાને એકલતાનો લાભ લઈ શારીરિક છેડછાડ કરેલ હોય તે અંગેની ફરિયાદ નોંધાઈ હતી. લુણાવાડા એડીશનલ સેશન્સ જજ સ્પે.પોકસો શરૂ થયો હતો અને કેસ ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની દલીલોને ગ્રાહ્ય રાખી પોસ્કો જજ અને એડીશનલ જજ મમતાબેન એમ.પટેલે સમાજમાં દાખલો બેસે તેવા ચુકાદો આપતા અજીત રમેશભાઈ ઠાકોરને બે વર્ષથી સખત કેદની સજા અને ભોગ બનનારને આરોપીએ ૨૫,૦૦૦/-રૂપીયાનં વળતર પેટે ચુકવવા હુકમ કરવામાં આવ્યો.

# ગુજરાતની જનતા ૨૭ વર્ષના કુશાસનથી ત્રસ્ત : સચિન પાયલટ

અમદાવાદ,
રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ ગુરુવારે ગુજરાતની ચૂંટણી પ્રવાસ પર હતા. સચિન પાયલટે અમદાવાદ જિલ્લાની અમરાઈવાડી વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર ધર્મેન્દ્રભાઈ પટેલની જનસભાને સંબોધિત કરી હતી અને કોંગ્રેસ ઉમેદવારને વિજયી બનાવવાનું આહ્વાન કર્યું હતું. જનસભાને સંબોધિત કરતા સચિન પાયલટે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ૨૭ વર્ષના કુશાસનથી ત્રસ્ત જનતા હવે બદલાવ કરીને કોંગ્રેસને લાવવા માગે છે. ગુરુવારે રાજસ્થાનના બે મોટા નેતા મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલટ ગુજરાતનાં ચૂંટણી પ્રવાસે હતા. જનસભામાં સચિન પાયલટે ભાજપ પર જોરદાર પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ડબલ એન્જિનની સરકારે ગુજરાતમાં કોઈ કામ કરાવ્યું નથી. દિલ્હીનું એન્જિન ખરાબ થઈ ચૂક્યું છે. ગુજરાતમાં પરિવર્તનની લહેર છે, કોંગ્રેસના પક્ષમાં માહોલ છે. ગુજરાત ચૂંટણીમાં રાજસ્થાનના કોંગ્રેસ નેતાઓએ પ્રચારની કમાન સંભાળી રાખી છે. કોંગ્રેસ હાઈકમાને અશોક ગેહલોત બાદ સચિન પાયલટને પણ ચૂંટણી પ્રચારમાં લગાવી દીધા છે. સચિન પાયલટ હિમાચલ પ્રદેશમાં સ્ટાર પ્રચારક હતા. તો હવે ગુજરાતમાં સ્ટાર પ્રચારક તરીકે પ્રચાર કરી રહ્યા છે. તો મુખ્યમંત્રી અશોક ગેહલોતને ગુજરાતમાં વરિષ્ઠ નિરીક્ષક બનાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી અશોક ગહલોતે ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સાથે ઝાલોદમાં જનસભાને સંબોધિત કરી હતી. મુખ્યમંત્રી અશોક ગેહલોતે જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, ગુજરાતની જનતા પરિવર્તન ઈચ્છે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હારનો ડર છે. એટલે ભાવાત્મક કાર્ડ રમી રહ્યા છે, પરંતુ આ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત ચૂંટણીમાં દાળ ગળવાની નથી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગભરાયેલા છે. ગુજરાત ભાજપના હાથમાંથી ચૂંટણી નીકળી રહી છે.

# કડકડતી ઠંડી માટે તૈયાર રહેજો !!! ઉતરના રાજ્યોમાં હિમ-વર્ષા પડશે, તો દક્ષિણમાં વરસાદી ઝાપટાં પડવાની આગાહી

નવીદિલ્હી,
હવામાન વિભાગની આગાહી અનુસાર, પહાડી રાજય ઉત્તરાખંડ રાજયમાં આગામી બે દિવસ સુધી હવામાન શુકુ રહેવાની સંભાવના છે. આ ઉત્તર ભારતના પહાડોમાં તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે. આ સિવાય આ વિસ્તારમાં હિમ પડવાની પણ શકયતા છે. આ સાથે દેહરાદૂનમાં મહત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહ્યુ હતું. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં તેમજ મેદાની પ્રદેશોમાં ધીમે ધીમે ઠંડીનો પ્રકોપ વધવા જઈ રહ્યો છે. આ રાજયોમાં શિયાળાની સ્થિતિ એટલી ભયંકર બની છે કે હવે પ્રજાજનોને શરીરને ગરમ રાખવા માટે અગ્નિ પ્રગટાવવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે આગાહી કરી છે કે આવનાર દિવસોમાં પર્વતો પર બરફ પડવાની સંભાવના છે. આ ઉપરાંત આ સમયે, દક્ષિણના રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદની શકયતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં ખેડૂતોના રવિ પાકને નુકસાન થવાની સંભાવના પણ છે. નોંધનીય છેકે, ડિસેમ્બર મહિનાની શરૂઆતથી જ ઉત્તર ભારતના હવામાનમાં મોટો ફેરફાર જોવા મળવાની શકયતા છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં કડકડતી ઠંડી પડવાની સંભાવના છે. રાજધાની નવી દિલ્હી સહિતના વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ દેખાઈ રહ્યો છે. આવનાર દિવસોમાં દિલ્હીના તાપમાનમાં વધુ ઘટાડો નોંધાઈ શકે છે. વહેલી સવારે અને સાંજે દિલ્હીમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયું હતું. હિમાચલ પ્રદેશમાં હવામાન ૩ ડિસેમ્બર સુધી સ્વચ્છ રહેશે. હિમાચલમાં ૩ ડિસેમ્બર પછી જ વરસાદની સંભાવના દેખાય છે. રાજ્ય હવામાન વિભાગે જણાવ્યું કે નવેમ્બરમાં ખૂબ ઓછો વરસાદ નોંધાયો છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ નોંધાયો છે. પરંતુ અન્ય વિસ્તારોમાં સામાન્ય કરતાં સામાન્યથી ઓછો વરસાદ નોંધાયો છે. આ ઓછા વરસાદને કારણે ખેડૂતોના પાકને અસર થઈ છે. ઉત્તરાખંડની વાત કરીએ તો, ઉત્તરાખંડમાં બે દિવસ સુધી હવામાન શુષ્ક રહેશે. પહાડો પર તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થશે. પહાડો પર હિમ પણ પડી શકે છે. દેહરાદૂનમાં લઘુત્તમ તાપમાન ૧૦.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હિમવર્ષાને કારણે રવિ સહિતના પાકની ઉપજને અસર થઈ શકે છે. બિહારમાં આગામી કલાકોમાં તાપમાનમાં ઘટાડો થશે. હાલમાં બિહારમાં લઘુત્તમ તાપમાન ૧૦થી ૧૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું છે.આગામી ૪-૫ દિવસમાં અંદમાન-નિકોબાર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, લક્ષદ્વીપમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે.

# ઓછા મતદાને ઉમેદવારો અને પાર્ટીઓની ઉંઘ હરામ કરી

અમદાવાદ,
ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના પ્રથમ તબક્કાના ૧૯ જિલ્લાની ૮૯ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. કેટલીક બેઠકો પર મતદાન માટે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો કેટલીક બેઠકો પર ધીમી ગતિએ મતદાન થયું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૧ ટકા મતદાન નોંધાયું હતું.ત્યારે હવે ચારેબાજુ ઓછા મતદાનને લઈને ચર્ચાઓનો દોર શરૂ થયો છે. પણ હકીકતે પહેલાં કરતા મતદાન વધ્યું છે.આ વખતે મતદાન ઘટ્યું હોવા છતાંય મતપેટીમાં વધારે મત પડ્યાં છે!

વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૮ ટકા મતદાન થયું હતું. પરંતુ તેની સરખામણીએ વર્ષ ૨૦૨૨માં માત્ર ૬૧ ટકા જ મતદાન નોંધાયું છે. આમ, અહીં મતદાનની ટકાવારી ગત ચૂંટણી કરતા ૭ ટકા ઘટી છે. આ સિક્કાનું માત્ર એક જ પાસું છે. જોકે સિક્કાનું બીજું પાસે જાણવા માટે આપણે આ ગણિત સમજીએ. એક તરફ ઓછા મતદાનથી ઉમેદવારો પણ ભારે મૂંઝવણમાં મૂકાયા છે. હાલ ચારેબાજુ ઓછા મતદાનથી કઈ પાર્ટીને નુકસાન અને કઈ પાર્ટીને ફાયદો થશે તેના ગણિત વિશે ચર્ચાઓ ચાલી રહી છે.

જો આપણે ૨૦૧૭ અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાની વાત કરીએ તો ૨૦૧૭માં ૬૮ ટકા મતદાન થયું હતું. તે વખતે કુલ મતદારો ૨ કરોડ ૧૨ લાખ હતા. જેમાં ૧ કરોડ ૪૪ લાખ લોકોએ ૨૦૧૭માં મતદાન કર્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૨ની વાત કરીએ તો આ વખતે નવા વોટર્સ વધ્યા છે. આ વખતે મતદારોની સંખ્યા ૨ કરોડ ૩૯ લાખ હતી. જેમાંથી ૧ કરોડ ૪૬ લાખ લોકોએ મતદાન કર્યું છે. એ પ્રમાણે મતદારોની સંખ્યા જોવા જઈએ તો ૬૧ ટકા મતદાન થયું છે. પણ જો ૨૦૧૭ની ચૂંટણી કુલ મતદાનનો આંકડો જોવા જઈએ તો આ વખતની ચૂંટણીમાં ૨ લાખ મત વધારે પડ્યા છે. વર્ષ ૨૦૧૭ની સરખામણીએ આ વખતે ૨૭ લાખ મતદારો વધ્યાં છે. એટલેકે, ૨૭ લાખ નવા મતદારોનો આ યાદીમાં સમાવેશ થયો છે.

વર્ષ ૨૦૧૭માં પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજાયું હતું. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર સાંજે મતદાનની ટકાવારી વધીને ૬૮ ટકા થઈ ગઈ હતી. તે વખતે પણ ગુજરાતની ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૯૭૭ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨.૧૨ કરોડ લોકો મતદાન કરવા પાત્ર હતા.

ગુજરાતની ચૂંટણીના ઈતિહાસ પર નજર કરીએ તો સામાન્ય રીતે વધારે મતદાન હંમેશાં ભાજપની તરફેણમાં રહ્યું છે. અને એ જ કારણ છે પ્રધાનમંત્રી મોદી પોતે પણ વધુ મતદાન માટે સતત અપીલ કરતા રહ્યા છે. ઘણી સભાઓ અને રેલીઓમાં પણ પીએમ મોદીએ લોકોને કહ્યું છે કે મત તમે ગમે તે પાર્ટીને આપો. પરંતુ મતાધિકારનો ઉપયોગ જરૂર કરો. આ ગણિત પર બંધ બેસીએ તો આ વખતનો આંકડો ભાજપને નફો કરાવી શકે છે.

# આપણે બનાસડેરીને બનાસ કિનારેથી ગંગા કિનારે એટલે કે કાશીમાં લઈ જવા માટે કામ કરી રહ્યા છીએ : વડાપ્રધાન



પાલનપુર,
ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રથમ તબક્કાનું મતદાન સંપન્ન થયા બાદ તમામ રાજકીય પક્ષોના નેતાઓએ હવે બીજા તબક્કાના મતદાન માટે પ્રચાર જોરશોરથી શરૂ કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાંકરેજથી કહ્યું હતું કે, પહેલાં ચરણમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીનો ડંકો વગાડી દીધો છે. અહિંયા મારૂ સ્વાગત થયુ, મને પાઘડી પહેરાવી કાંકરેજી ગાયની પ્રતિકૃતિ ભેટ આપી છે. આપણી કાંકરેજી ગાયો જેવી દેશી નસ્લની ગાયો આ વિરાસતને સમૃદ્ધ કરે છે. આપણે બનાસડેરીને બનાસ કિનારેથી ગંગા કિનારે એટલે કે કાશીમાં લઈ જવા માટે કામ કરી રહ્યા છીએ. ભાજપ સિંચાઈ માટે લગાતાર કામ કરે છે. જે બનાસકાંઠાની કોઈ ઓળખ નહોતી, તેને પાણી મળ્યું બટાકા અને અનારની ઓળખ મળી છે. નર્મદાના પાણી માટે કોંગ્રેસે લોલીપોપ આપ્યા પણ પાણી ન આપ્યું. સરદાર સરોવર ડેમ ન બને તે માટે અનેક અવરોધો ઉભા કર્યા, જેણે સરદાર સરોવર ડેમ અટકાવ્યો હતો, એમના ખભે હાથ મૂકીને કોંગ્રેસના નેતા પદયાત્રા કરે છે. જેણે પાણીને રોક્યું હોય એ પાપને માફ પણ ન કરાય એની જગ્યાએ ખભે હાથ મૂકે છે. કોંગ્રેસની નીતિ હતી લટકાના, અટકાના ઔર પટકાના છે. આ ચૂંટણીમાં તમારે આ નથી ભૂલવાનું.

વધુમાં વડાપ્રધાને જણાવ્યું કે, કોંગ્રેસના સ્વભાવમાં છે કે, તેને ફાયદો ન થાય એ કામ જ ન કરવાનું, ચોકડીઓ ખોદવા લોકો જતા એમાં પણ કોંગ્રેસ કટકી કરતી. આજે નર્મદાનું પાણી અમે ઘરે ઘરે પહોંચાડ્યું છે. બનાસકાંઠાના ભાઈઓ લખી રાખો આ મોદી છે તો કંઈ જ અશક્ય નથી. જે કહું એ કરવાનું એનું નામ જ મોદી... ૨૦૧૪માં તમે મને દિલ્હી મોકલ્યો ત્યારે ફાઈલો જોઈ, પછી મને વિચાર આવ્યો કે ખેડૂતોને પાણી આપો તે કંઈપણ કરી શકશે. મે પાણી આપ્યુ અને તમે મહેનત કરી. ટપક સિંચાઈથી પાણી પણ બચ્યું અને ખેતીને પણ આવક થઈ. દેશમાં જેટલું અનાજ પેદા થાય છે એના કરતાં પણ વધારે પૈસાનું દૂધ ઉત્પાદન થાય છે. બનાસકાંઠા આટલુ લીલુછમ છે, મારે વોટ માંગવા નથી, જો તમારૂ ભલું થયું હોય તો જ વોટ આપજો.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને આડેહાથ લેતા વધુમાં જણાવ્યું કે, કોંગ્રસના રાજમાં કરોડોના ગોટાળા થતા, આ હું નથી કહેતો છાપાવાળા લખતા હતા. મારા આવ્યા પછી તમને આવું વાંચવા નહીં મળ્યું હોય, આ બધા પૈસા બચ્યા અને તમારા માટે કામ આવ્યા. ભ્રષ્ટાચાર પકડાય છે એટલે એમના પેટમાં તેલ રેડાય છે. કોંગ્રેસીઓ રાશનકાર્ડમાંથી ગરીબોનું અનાજ પણ ખાઈ ગયા છે. ૪ કરોડ એવા રેશકાર્ડ હતા કે જે વ્યક્તિનો જન્મ જ નહોતો થયો અને જેનો જન્મ ન થયો હોય એના લગ્ન થઈ ગયા હોય, સમુહ લગ્નના પૈસા મળે પછી વિધવા પેન્સન લેતા, આ કોંગ્રેસીઓ આવું કરતા હતા. આવા ૪ કરોડ રેશનકાર્ડ કેન્સલ કરીને મે આગળનો રસ્તો કર્યો, બધા રાશનકાર્ડને આધારકાર્ડથી જોડી દીધા, દુકાનોને ઈન્ટનેટથી જોડી દીધી. હવે ટ્રકમાં માલ ચડ્યાથી ગ્રાહકને મળે ત્યાં સુધી ટ્રેકિંગ થાય છે એટલે કટકી કરવા નથી મળતી. કટકી કરવા ન મળે એટલે મોદીને ગાળો બોલે છે. દેશને લૂંટે એની સામે મોદી લાલ આંખ કરે કરે ને કરે જ..

વડાપ્રધાને કહ્યું કે, ઘરમાં ગંભીર માંદગી આવી હોય તો ગરીબ માણસ પાંચ વર્ષ દેવામાંથી બહાર ન આવે, અમે મા કાર્ડ જેવી યોજનાઓ લાવી અને ગરીબોની મદદ કરવાનું શરૂ કર્યું. કોરોનામાં આખી દુનિયા અધ્ધર થઈ હતી, આપણા પગ જમીન પર રહ્યા છે. આ દેશનો કોઈ ગરીબ ભુખ્યો ન રહે તેની ચિંતા અમે કરી, ત્રણ વર્ષ સુધી ૮૦ કરોડ લોકોને મફતમાં અમે અનાજ આપ્યું. કોરોનામાં વેક્સિનનો તમારે એક રુપિયાનો ખર્ચ થયો? તમારા આશીવાર્દ જ મને હારવા નથી દેવાના. આપણે વિદેશમાંથી યુરિયા લાવવો પડે છે, સરકારને ૨૦૦૦માં પડે છે અને તમને ૨૭૦માં પડે છે. હવે આપણે નેનો યુરિયા બનાવી રહ્યા છે, એક થેલી જેટલું કામ એક બોટલ કરશે.

કોંગ્રસવાળાની ખબર હતી એ ગામમાં મોટા મોટાને સાચવી લે એટલે એમની દુકાન ચાલતી હતી. દેવા નાબુદીના નામે કોંગ્રેસે ભ્રષ્ટાચાર કર્યો, જેના ઘરે બે-બે ટ્રેક્ટર હોય એના દેવા માફ થતા હતા, ગરીબ માણસને દીકરી પરણાવવી હોય તો જમીન વેચવી પડતી હતી. અમે પી.એમ કિશાન યોજના લાવીને અત્યાક સુધી ૨ લાખ કરોડ રૂપિયા સીધા ખાતામાં આપ્યા, વચ્ચે કોઈને કટકી કરવા ન મળી. બનાસકાંઠામાં ૫ લાખ ખેડૂતોને પૈસા મળ્યા, કટકી કરવા ન મળી એ મોદીનો વિરોધ કરે છે. હવે અંબાજી-તારંગા રેલવે લાઈન બનવા જઈ રહી છે, ટુરિઝમને નવો અવકાશ મળશે. નડાબેટ પર કોઈ ડોકિયું નહોતું કરતું અત્યારે હજારો લોકો આવે છે, દેશની ધરોહરની રક્ષા માટે અમે કામ કર્યું છે. ટૂરિઝમનો અવકાશ મળ્યો તો, આવક વધી છે. બનાસકાંઠામાં તમારે બધાએ કમળ ખીલવવાના છે, પાકા પાયે વધુમાં વધુ મતદાન કરાવીને બધા રેકોર્ડ તોડવાના છે.

# આપની આજ.......

મેષ : જો કોઈ રૂપિયા ફસાયેલા છે તો તેને પ્રાપ્ત કરવા માટે સમય અનુકૂળ છે. વાહન સાવધાની પૂર્વક ચલાવવું જરૂરી છે. પતિ-પત્ની તથા પરિવારના સભ્યો વચ્ચે ચાલી રહેલાં મતભેદ દૂર થશે.

વૃષભ : આધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ રહેશે. ઘરનું વાતાવરણ સુખદ અને સુખમય રહેશે. આ સમયે આર્થિક પક્ષ થોડો નબળો રહી શકે છે. જોખમી કાર્યો કરવાથી બચવું.

મિથુન : થોડા સાવધાન રહો, નજીકના લોકો જ તમારી સાથે વિશ્વાસઘાત કરી શકે છે. કોઈ પણ નિર્ણય સમજી-વિચારીને લેવો. વધારે વ્યસ્તતાના કારણે ઘરમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

કર્ક : લાંબા સમયથી ચાલી રહેલી કોઈ ચિંતા દૂર થશે. વધારે મહેનતના કારણે નસમાં દુખાવો થઈ શકે છે. કોઈ વિરોધી તમારા માટે નકારાત્મક પરિસ્થિતિઓ તો બનાવશે, પરંતુ તમે તેનાથી મુક્તિ મેળવવામાં સમર્થ પણ રહેશો.

સિંહ : ભાઈઓ સાથે ચાલી રહેલો મતભેદ દૂર કરવામાં તમારી વિશેષ ભૂમિકા રહેશે. ખર્ચ વધારે રહેશે પરંતુ ગભરાશો નહીં. આ ખર્ચ તમારા થોડા સારા માટે રહેશે. લગ્નજીવન મધુર જળવાયેલું રહેશે.

કન્યા : ઘરનું વાતાવરણ સુખદ રહેશે. જમીનને લગતા મામલાઓ અંગે પોઝિટિવ ચર્ચા-વિચારણાં પણ થશે. આજે કાર્યક્ષેત્રમાં કોઈ સોનેરી અવસર હાથમાં આવશે. અચાનક આવેલી મુશ્કેલીથી કોઈ રસ્તો ઉકેલાશે નહીં.

તુલા : તમે તમારાં કાર્યોની વ્યસ્તતા તથા પારિવારિક જીવન વચ્ચે તાલમેલ સારો જાળવશો. વિદ્યાર્થી વર્ગને તેમના અભ્યાસમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પારિવારિક વ્યવસ્થા તથા તાલમેલ યોગ્ય જળવાયેલો રહેશે.

વૃશ્ચિક : મશીન, સ્ટાફ વગેરે સાથે જોડાયેલી નાની-મોટી પરેશાનીઓ વેપારમાં આવશે. પારિવારિક સુખ-શાંતિની દૃષ્ટિએ સમય ઉત્તમ રહેશે. ભાવુકતા તમારી સૌથી મોટી નબળાઈ છે. તેના ઉપર વિજય મેળવવો ખૂબ જ જરૂરી છે.

ધનુ : પાડોસીઓ અને સંબંધીઓ સાથે સંબંધમાં કોઈપણ પ્રકારનો મનમુટાવ ન આવે તેનું ધ્યાન રાખો. કાયદાકીય મામલે તમને વિજય પ્રાપ્ત થશે. તમારી વ્યવસાયિક યોજનાઓને સિક્રેટ જ રાખો. સ્વાસ્થ્ય સારું રહેશે.

મકર : વેપાર તથા કારોબારમાં તમારા લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. કાયદાકીય મામલે કોઈ નિષ્ણાતની સલાહ લો, તમને યોગ્ય સમાધાન મળશે. પારિવારિક અને વ્યવસાયિક જીવનમાં સારો તાલમેલ બેસાડી ન શકવાના કારણે પરિવારમાં તણાવ રહેશે.

કુંભ : ધનને લગતી પરેશાની રહેશે, કોઈ નજીકના મિત્રની મદદથી સમસ્યાનો ઉકેલ પણ મળી જશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યવસાયને લગતા મામલે કોઈપણ નિર્ણય યોગ્ય સમજીવિચારીને જ લો. સમય મહેનત કરવાનો છે.

મીન:ખોટા વાદ-વિવાદ કે તર્ક-વિતર્કમાં પડશો નહીં. રાજકીય મામલાઓને લઈને સાવધાન રહેવું જરૂરી છે. મોબાઈલ, ઈમેલ દ્વારા કોઈ શુભ સમાચાર પણ પ્રાપ્ત થઈ શકે છે. આ સમયે શેર બજાર, રોકાણ વગેરે જેવી ગતિવિધિઓમાં રસ ન લો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની વિધાનસભા બેઠકો ઉપર આપ પાર્ટી મેદાને ઉતરતા બીજેપી અને કોંગ્રેસનું ગણિત બગડયું

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે તમામ પાર્ટીઓ દ્વારા મતદારોને રીઝવવા એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી તેમજ અપક્ષ દ્વારા ગામે ગામ, શેરીએ શેરીએ ફરી મતદારોને મનાવવાની કોશીષમાં લાગી ગયા છે. ત્યારે વાત કરીએ દાહોદ વિધાનસભા અને લીમખેડા વિધાનસભાની તો આ વખતે દાહોદ અને લીમખેડાની વિધાનસભામાં એક તરફી માહૌલ જોવા મળ્યો નથી. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ ચુંટણી મેદાનમાં ઝંપલાવતાં ક્યાંકને ક્યાંક ભાજપ અને કોંગ્રેસને મોટો ફટકો પડી શકે તેમ છે.

દાહોદ અને લીમખેડા વિધાનસભાની વાત કરીએ તો દાહોદમાં હાલ ભાજપના ઉમેદવાર દ્વારા ગામે ગામ તેમજ શેરીએ, મહોલ્લા વિગેરે જેવા વિસ્તારોમાં પ્રચાર પ્રસાર જોરશોરથી કરી રહ્યાં છે, પરંતુ સળંગ દાહોદ વિધાનસભામાં પુનઃ હારેલા ઉમેદવારને ટીકીટ ફાળવતાં આ વખતે ભાજપ માટે કરો યા મરોની જંગ સમાન આ ચુંટણી બની રહેશે એટલાજ માટે દાહોદમાં ભાજપ દ્વારા આ વખતે મતદારોને રિઝવવા કોઈ કસર બાકી રાખવામાં આવી નથી. પરંતુ આ વખતે કોંગ્રેસની સાથે સાથે આમ આદમી પાર્ટીએ ચુંટણી મેદાનમાં ઝંપલાવતાં ભાજપ માટે કપરા ચઢાણ સાબીત થઈ શકે છે. દાહોદ વિધાન સભામાં અપક્ષ ઉમેદવાર પણ પોતાની પાર્ટીનો જોરશોરથી પ્રચાર પ્રસાર કરી રહ્યાં છે. અપક્ષના ઉમેદવારનો પણ દાહોદમાં લાંબા સમયથી દબદબો રહ્યો છે. ક્યાંકને ક્યાંક અપક્ષના ઉમેદવાર પણ ભાજપ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. દાહોદ વિધાનસભામાં અપક્ષના જે ઉમેદવાર છે, તે કોંગ્રેસમાં સક્રિય હતા. ત્યારે ક્યાંકને ક્યાંક અંદરો અંદરના નારાજગી કહો કે મતભેદ કહો જેના કારણે આ વખતે અપક્ષના ઉમેદવારે અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે અને અપક્ષના ઉમેદવારને પણ દાહોદ વિધાનસભામાં સારો એવો જનતાનો પ્રતિસાદ મળી રહ્યો છે. અપક્ષ પાર્ટી દ્વારા પણ દાહોદ વિધાનસભાની બેઠક કબજે કરવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. જાણવા મળ્યાં અનુસાર, અપક્ષના ઉમેદવારને પણ દાહોદ શહેરી તથા ગ્રામીણ વિસ્તારમાંથી જાહેર જનતાનો સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. જેના કારણે ખાસ કરીને ભાજપને આ અપક્ષના ઉમેદવારથી ફટકો પડશે અને મત વહેંચાશે તેના કારણે ભાજપ માટે દાહોદ વિધાનસભાની બેઠક કબજે કરવા લોખંડના ચણા ચાવવા સમાન સાબીત થનાર છે. બીજી તરફ વાત કરીએ કોંગ્રેસની તો કોંગ્રેસ ક્યાંકને ક્યાંક અત્યાર સુધી પ્રચાર પ્રસાર માટે જાહેર જનતાની વચ્ચે આવી નથી, પરંતુ અંદર ખાને તેઓનો પ્રચાર પણ જોરશોરમાં ચાલી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા પણ પ્રચાર પ્રસાર જોરશોરમાં કરવામાં આવી રહ્યો છે ત્યારે આ વખત મતદારોનો મીજાજ પણ કંઈક અલગ જોવા મળી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ, અપક્ષ અને આમ આદમી પાર્ટીએ મેદાનમાં હોવાને કારણે ભાજપ માટે ચોક્કસ પણ કપરા ચઢાણ સાબીત થઈ શકે છે.

બીજી તરફ વાત કરીએ લીમખેડા વિધાનસભાની તો આ વખતે પુનઃ લીમખેડામાં સાંસદના ભાઈને ટીકીટ ફાળવવામાં આવી છે. લીમખેડામાં પણ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર મજબુત સાબીત થનાર છે. મતદારોને પોતાની તરફ ખેંચવામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તમામ પ્રયત્નો કરી રહી છે. ભલે લીમખેડા ભાજપનો ગઢ રહ્યો હોય પરંતુ આ વખતે લીમખેડાની જાહેર જનતામાં પરિવર્તનની માંગ ઉઠવા પામી છે. મતદારો પણ પરિવર્તનની માંગ કરી રહ્યાં છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની સક્રિયતાના કારણે પણ આ વખતે લીમખેડા વિધાનસભાની બેઠક પર કોંગ્રેસને ક્યાંકને ક્યાંક ફટકો પડી શકે છે. ત્યારે મતદારોને રીઝવવા ભાજપ દ્વારા પણ તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. આ વખતે દાહોદની તમામ બેઠકો પર આમ આદમી પાર્ટીએ ઝંપલાવતાં ભાજપ અને કોંગ્રેસ બંન્નેને મોટો ફટકો પડી શકે તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય.

# કાનુન વ્યવસ્થાની જાળવણી માટે ૧૭ હજારથી વધુ પોલીસકર્મીઓ ખડેપગે

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે ચૂંટણી પારદર્શક, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સઘન રીતે કામગીરી કરી રહ્યું છે. જિલ્લાના ૧૫.૮૩ લાખથી વધુ મતદારો મતદાન પ્રક્રિયામાં ભાગ લેવાના છે. ત્યારે ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે સંપન્ન થાય એ માટે ૧૧૨૭૬ થી વધુ અધિકારીઓ–કર્મચારીઓ દિવસ રાત એક કરી રહ્યાં છે. ઉપરાંત કાનુન વ્યવસ્થાની જાળવણી માટે ૧૭ હજારથી વધુ પોલીસકર્મીઓ ખડેપગે છે.

જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં જોતરાયેલા અને વિવિધ સ્તરે કામગીરી કરી રહેલા સ્ટાફ વિશે પરિચિય મેળવો રસપ્રદ રહેશે. જિલ્લાના કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે સમગ્ર ચૂંટણી તંત્રનું સુકાન સંભાળ્યું છે. જયારે ભારતના ચૂંટણી પંચ દ્વારા દાહોદ જિલ્લાના વિવિધ વિધાનસભા મતદાર વિભાગો માટે ત્રણ જનરલ ઓબ્ઝર્વર રીષિરેન્દ્ર કુમાર, સચીન્દ્ર પ્રતાપસિંહ, સુનીલ શર્મા તેમજ ચૂંટણી ખર્ચના બે ઓબ્ઝર્વર મૃત્યુજંય સૈની અને લવીશ શૈલી ઉપરાંત પોલીસ ઓબ્ઝર્વર સતીષ કુમારની તથા આવકવેરા અધિકારીની નિમણુંક કરવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણીમાં વિવિધ ૨૧ જેટલા જિલ્લા કક્ષાના નોડલ ઓફિસરઓની નિમણુંક કરાઈ છે. જેમાં એક્સપેન્ડીચર મોનિટરીંગ નોડલ ઓફિસર તરીકે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તેમજ લો એન્ડ મોનિટરીંગ તેમજ એસએમએસ મોનિટરીગ તરીકે એસપી બલરામ મીણા ફરજ નિભાવી રહ્યાં છે. તેમજ મેનપાવર મેનેજમેન્ટ અને એવીએસન નોડલ ઓફિસર તરીકે એ.બી. પાંડોર કામગીરી કરી રહ્યાં છે. તદ્દઉપરાંત વિવિધ અધિકારીઓની ઇમ્પલીમેન્ટીંગ એમસીસી, હેલ્પલાઈન એન્ડ કંમ્પલેન રીડ્રેસલ, ઈવીએમ, વીવીપેટ મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, ટ્રેનીંગ મેનેજમેન્ટ, મીડિયા, પોસ્ટલ બેલેટ, સોશ્યિલ મીડિયા, કમ્યુનિકેશન પ્લાન, આઈટી એપ્લીકેશન અને વેબકાસ્ટીંગ, ઓબ્ઝર્વસ, સ્વીપ, પીડબ્લયુ ડી સહિતની વિવિધ કામગીરી માટે નોડલ અધિકારીઓની નિમણુંક કરાઈ છે.

જિલ્લામાં છ રીટર્નિંગ ઓફિસર તેમજ ૧૨ આસીસ્ટન્ટ રીટર્નિંગ ઓફિસરની વિધાનસભા બેઠક પ્રમાણે નિમણુંક કરાઈ છે. તેમજ ૨૧ જેટલા નોડલ અધિકારીની નિમણુંક કરાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં આચારસંહિતાના અમલ સાથે એફએસટી, એસએસટી, એઈઓ, એટી સહિતની ટીમો કાર્યરત કરાઈ છે. જેમાં ૪૮૫ કર્મચારીઓનો સ્ટાફ કામગીરી કરી રહ્યો છે. જિલ્લામાં ૩૭૨ જેટલા માઈક્રો ઓબ્ઝર્વસ, ૧૨૦ માસ્ટર ટ્રેર્નસ, ૫૦૦ જેટલા કાઉન્ટીંગ સ્ટાફ, ૬ લાયઝન સ્ટાફ અને ૮૩૧૦ જેટલા પોલીંગ સ્ટાફ કામગીરી કરી રહ્યો છે. ચૂંટણી પ્રક્રિયા યોગ્ય રીતે સંપન્ન થાય એ માટે કુલ ૨૪૯ ઝોનલ અધિકારીની નિમણુંક કરાઈ છે. જેમને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટના અધિકાર અપાયા છે. જયારે ચૂંટણીમાં રીસીવીગ એન્ડ ડિસ્પેચીંગ સ્ટાફ ૧૮૦ જેટલો છે.

જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શનમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.આઈ. પ્રજાપતિ અને ચૂંટણી શાખાનો સમગ્ર સ્ટાફ પણ રાઉન્ડ ધ ક્લોક કામગીરીમાં જોતરાયો છે. ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા કર્મયોગીઓને ચૂંટણી માટેની સઘન તાલીમ પણ અપાઈ છે. ત્યારે જિલ્લામાં પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય એ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે.

# ઝાલોદ વિધાનસભામાં ત્રિપાંખીયો જંગ ખેલાશે

દાહોદ,

દાહોદ જિલ્લાની ઝાલોદ વિધાનસભા બેઠક પર ત્રિપાંખીયો જંગ થવાના એંધાણો વર્તાઈ રહ્યાં છે. ત્યારે આ વખતે આમ આદમી પાર્ટીએ પણ મેદાનમાં ઝંપલાવતાં આ વખતે ફરીવાર ભાજપની ઝાલોદની વિધાનસભાની બેઠક પર જીત મેળવવી મુશ્કેલી લાગી રહી છે. હાલ પણ ક્યાંકને ક્યાંક ભાજપની આંતરીક જુથ બંધીમાં કલેશ કકળાટને પગલે ભાજપને ફટકો પડી શકે તેવી ચર્ચાઓ પણ વહેતી થવા પામી છે.

ઝાલોદ વિધાનસભાની વાત કરીએ તો ઝાલોદ વિધાનસભામાં ધારાસભ્ય એવા ભાવેશ કટારાએ ભાજપનો ખેંસ તો ધારણ કર્યો પરંતુ તેઓના મતદારો પણ આ વખતે ક્યાંકને ક્યાંક મુંઝવણમાં મુકાઈ ગયાં છે કે કોને મત આપવો અને કોને નહીં બીજી તરફ ભાજપ દ્વારા હાલ ઝાલોદ વિધાનસભાને કબજે કરવા એડીજોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ઝાલોદ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા અંદરખાને ખુબ જોરશોરથી પ્રચાર પ્રસાર કરી રહ્યાં છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી ખુલ્લેઆમ મેદાનમાં ઉતરી પ્રચાર પ્રસાર પુરજોશમાં કરી રહી છે, પરંતુ ભાજપ માટે આ વખતની બેઠક પણ મળવી મુશ્કેલી સાબીત થનાર હોવાની ચર્ચાઓ વહેતી થવા પામી છે. કારણ કે, આમ આદમી પાર્ટી તરફ આ વખતે મતદારો ખેંચાઈ રહ્યાં છે. નવી પાર્ટી અને નવા ઉમેદવારને મોકો આપવા ઝાલોદના મતદારોમાં મનોમંથન ચાલી રહ્યું છે. બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ઝાલોદ વિધાનસભા બેઠક પર ભાજપ–કોંગ્રેસની લડાઈમાં આમ આદમી પાર્ટીનો મહત્વનો રોલ રહેનાર છે. આમ આદમી પાર્ટીના ઝંપલાવવાથી ભાજપ અને કોંગ્રેસને બંન્નેને નુકસાન થવાના એંધાણો વર્તાઈ રહ્યાં છે. મતોની સરસાઈ પણ કપાઈ શકે છે.

# દાહોદ જિલ્લામાં મતદારો સુખેથી મતદાન કરી શકે તે માટે પ્રાથમિક સારવાર સહિતની તમામ વ્યવસ્થાઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી તા. ૫ ડિસેમ્બરે મતદાન યોજાવાનું છે ત્યારે જિલ્લાના ૧૫.૮૩ લાખથી વધુ મતદારો માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેથી તેઓ સરળતાથી મતદાન કરી શકે. જિલ્લાના કોઈ પણ લાયક મતદાર તે વૃદ્ધ હોય, દિવ્યાંગ હોય તમામ મતદારો માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક મતદાન મથકે પ્રાથમિક સારવાર સહિતની તમામ વ્યવસ્થાઓ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીના માર્ગદર્શનમાં ઉભી કરાઈ છે.

જિલ્લામાં કુલ ૧૬૬૨ મતદાન મથકો છે અને ૧૧૫૫ મતદાન મથક લોકેશન છે. જે પૈકી ૧૨૪ મતદાન મથક શહેરી વિસ્તારના છે. જેના ૫૫ લોકેશન છે. જયારે ૧૫૩૮ મતદાન મથકો ગ્રામ્ય વિસ્તારના છે. જેના ૧૧૦૨ લોકેશન છે. આ તમામ મતદાન મથકોએ મતદારો સરળતાથી મતદાન કરી શકે એ માટેની વ્યવસ્થાઓ કરાઈ છે. આ ઉપરાંત દરેક વિધાનસભા મતવિસ્તારમાં આદર્શ મતદાન મથક, સખી મતદાન મથક, ઈકો ફ્રેન્ડલી મતદાન મથક, પીડબલ્યુડી પોલીગ સ્ટેશન પણ ઉભા કરાયા છે. દેવગઢ બારીયા ખાતે યુવા મતદાન મથક પણ ઉભું કરાયું છે જયાં ૨૫ વર્ષથી નીચેના યુવાઓ દ્વારા સંચાલન કરાશે.

તમામ મતદાન મથકે પીવાના પાણી, શૌચાલય સહિતની પાયાની સુવિધાઓ ઉભી કરાઈ છે. તેમજ હેલ્પડેસ્ક ઉપરથી મતદારને તમામ માહિતી પણ મળી રહેશે. કોઈ દિવ્યાંગ મતદાર હોય તો તેના માટે વ્હીલચેર સહિતની વ્યવસ્થા કરાઈ છે. તેમજ ડઉ–ડ્યતિજ્ઞક્ષફઠ શ઼વિં ઉશતફબહશહશુમોબાઈલ એપની પણ દિવ્યાંગો મતદાર મદદ લઈ શકે છે. દિવ્યાંગ મતદારોને આ એપ્લિકેશનના માધ્યમથી ઘરે બેઠા ઉપયોગી માહિતી મળી શકશે. દિવ્યાંગ મતદારો પોતાના ઉપયોગ માટે વ્હિલચેરની વિનંતી કરી શકશે.

દરેક મતદાન મથકે મતદાર માટે જરૂરી સાઈનેઝની વ્યવસ્થા કરાઈ છે. જેથી તેઓ ઝડપથી મતદાન કરી શકે. મતદાન મથકે કોઈ મતદારને આકસ્મિક સારવારની જરૂર પડે તો પ્રાથમિક સારવારની કીટ પણ તૈયાર રખાઈ છે. તેમજ હેલ્પડેસ્ક ઉપરથી મતદાર મુંઝવણમાં હોય તો માર્ગદર્શન પણ મેળવી શકે છે.

મતદારોએ મતદાન વખતે ચૂંટણી કમિશન દ્વારા નક્કી કરાયેલા ૧૨ પૂરાવા પૈકીનો કોઈ એક અસલ પુરાવો સાથે રાખવાનો રહેશે. મતદારે એ વાતનું પણ ખાસ ધ્યાન રાખવાનું છે. મતદાન વખતે તેઓ પોતાની સાથે મોબાઈલ રાખી શકશે નહી જેથી આ અંગે અગાઉથી જ યોગ્ય વ્યવસ્થા કરી લે. મતદાન કરતી વખતે મતદાનની ગુપ્તતાની જાળવવી પણ ખૂબ જરૂરી છે. પોતે જેને મત આપ્યો હોય તે જાહેર કરવું એ ગુનાહિત કૃત્ય છે. તેમજ મતદાન કર્યા પછી શક્ય એટલી ઝડપથી મતદાન મથક છોડી દેવાનું રહેશે. સીઆરપીસી ૧૪૪ નું જાહેરનામું લાગું થયું હોવાથી મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ભીડ એકઠી ના થાય એ માટે એ જરૂરી છે.

મતદાન કરવા માટે માત્ર મતદાર ફોટો ઓળખકાર્ડ(EPIC) પૂરતું નથી. મતદાર યાદીમાં મતદારનું નામ હોવું જરૂરી છે. એટલું જ નહિં, ગુજરાત વિધાનસભાની આ ચૂંટણીમાં મતદાન માટે મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવા માત્ર વોટર ઈન્ફર્મેશન સ્લીપ ઉપયોગમાં લઈ શકાશે નહિં.

મતદાર ફોટો ઓળખપત્ર(એપીક કાર્ડ)ની અવેજીમાં આધાર કાર્ડ, મનરેગાના જોબ કાર્ડ, બેન્ક કે પોસ્ટ ઓફિસની ફોટોગ્રાફ્સ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલય હેઠળ આપવામાં આવેલા હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર. અંતર્ગત આર.જી.આઈ. દ્વારા આપવામાં આવેલું સ્માર્ટ કાર્ડ, ભારતીય પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શનના દસ્તાવેજ, કેન્દ્ર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્ર/ જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલાં સરકારી ઓળખપત્રો, યુનિક ડિસએબિલીટી આઈ–કાર્ડ તથા બિન નિવાસી ભારતીયોઓની જો મતદાર તરીકે નોંધણી થઈ હોય તો, તેઓ મતદાન મથકે અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી મતદાન કરી શકશે.

# મત ગણતરી કેન્દ્ર અંગેની વ્યવસ્થા સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદની સરકારી ઈજનેરી કોલેજ ખાતે મત ગણતરી કેન્દ્ર અંગેની વ્યવસ્થા સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં મતગણતરી કેન્દ્ર ખાતે સુરક્ષા વ્યવસ્થા સહિતની તમામ બાબતોની ઝીણવટભર્યું આયોજન કરાયું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ગોસાવીએ ઈવીએમ, સ્ટોન્ગ રૂમની સુરક્ષા વ્યવસ્થા સહિતની બાબતોનું ચુસ્ત પાલન, મતગણતરી હોલ તૈયાર કરવો, રાઉન્ડ ધ ક્લોક વીજળીની વ્યવસ્થા, સ્વચ્છતા તેમજ પાણી સહીતની વ્યવસ્થાઓ અંગે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. મતગણતરી કેન્દ્ર ખાતે મોબાઈલ સહિતના સાધનોની પરવાનગી ન હોય તેની સઘન ચકાસણી કરવા અલાયદો સ્ટાફની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, એઅસપી જગદીશ બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રજાપતિ સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

વિધાનસભાની ચૂંટણી શાંતિમય વાતાવરણમાં થાય તે માટે ગરબાડા પોલીસ અને BSF જવાનો દ્વારા ગરબાડા નગરના વિવિધ વિસ્તારોમાં તારીખ-૨ ના રોજ ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# દે. બારીયા તાલુકાની જે.એસ.ચૌહાણ હોસ્પીટલ માં ‘વિશ્વ એઈડ્સ દિન’ની ઉજવણી કરવામાં આવી



દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાની જે.એસ.ચૌહાણ હોસ્પીટલમાં તા ૧લી ડિસેમ્બર ૨૦૨૨ નાં રોજ વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી ANM નર્સિંગ ટ્રેનીંગ કોલેજના આચાર્ય વૈશાલીના અદયક્ષપણા હેઠળ ઉજવવામાં આવ્યો. હોસ્પીટલમાં આવેલ નર્સિંગ સ્કૂલની ANM વિભાગની વિદ્યાર્થીનીઓમાં આરોગ્ય વિષયક મુદ્દા જેવા કે HIV/AIDS, ગુપ્ત/જાતીય રોગો, ART સેન્ટર અને ટીબી વિશે હોસ્પીટલનાં ICTC વિભાગના કાઉન્સિલર પંકજ બારીઆ અને લેબ.ટેકનીશ્યન ગીરીશ રાઠવા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નર્સિંગ સ્કૂલના આચાર્ય તથા વિદ્યાર્થિનીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# દાહોદ પોલીસે ચુંટણી પહેલા ચાર ઈસમોની પાસા હેઠળ ધરપકડ કરી જેલમાં મોકલ્યા

દાહોદ,

વિધાનસભાની ચુંટણી શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલા અને નાસતા ફરતાં ઈસમોને ઝડપી પાડવા માટે પોતાના ઉપર અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ એલસીબી પોલીસે લિસ્ટેડ બુટલેગર તેમજ અસામાજીક પ્રવૃતિ આચરતા કુર વ્યક્તિઓની યાદી તૈયાર કરી તેમના વિરૂધ્ધ પાસા પ્રપોઝલ તૈયાર કરી દાહોદ જિલ્લા કલેક્ટર ર્ડાક્ટર હર્ષિત પી. ગોસાવીને મોકલી આપતાં જિલ્લા કલેક્ટર ધાનપુર, ચાકલીયા તેમજ ફતેપુરા પોલીસ સ્ટેશન વિસ્તાના પ્રોહી બુટલેગરો નિલેશભાઈ સામંતભાઈ વાખળા (રહે. લખણા ગોજીયા વાખળા ફળિયુ, તા. ધાનપુર, જિ.દાહોદ), રાજેશભાઈ મિકલભાઈ બારીયા (રહે. રળીયાતીભુરા, તા. ઝાલોદ, જિ.દાહોદ), નારસિંગભાઈ વેલજીભાઈ વળવાઈ (રહે. કુપડા, તા.ફતેપુરા, જિ.દાહોદ) તેમજ ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘાતકીપણું આચરતાં કુર વ્યક્તિ તરીકે સાહિલભાઈ સબુરભાઈ શેખ (રહે. ગરબાડા, ઘાંચીવાડ) ની પાસા પ્રપોઝલ ગ્રાહ્ય રાખી જિલ્લા કલેક્ટરે તે ચારેની પાસા હેઠળ ધરપકડ કરવાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. જે વોરંટની બજવણી માટે નીકળેલ દાહોદ એલસીબીના પીએસઆઈ તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓની જુદી જુદી ટીમોએ ઉપરોક્ત ચારેયની ધરપકડ કરી લખણા ગોજીયા ગામના નિલેશભાઈ સામંતભાઈ વાખળાને જામનગર જિલ્લા જેલ ખાતે તથા રાજેશભાઈ નિકલભાઈ બારીયા, નારસિંગભાઈ વેલજીભાઈ વળવાઈ તથા સાહિલભાઈ સબુરભાઈ શેખ એમ ત્રણેય જણાને જુનાગઢ જેલ ખાતે પોલીસ જાફ્તા સાથે સરકારી વાહનમાં મોકલી આપ્યાં હતાં.

# દાહોદ નજીક ટ્રેનમાં મહિલા મુસાફર ઉંઘી રહી હતી ત્યારે તસ્કરો દ્વારા ૫૬ હજારના મુદ્દામાલની ચોરી કરી ફરાર

દાહોદ,

દાહોદ નજીક ટ્રેનમાંથી મુંબઈની મહિલા મુસાફર નીંદર માણી રહી હતી તે સમયે અજાણ્યા તસ્કરે રોકડ રકમ અને મોબાઈલ મળી રૂ.૫૬ હજારના મુદ્દામાલની બેગની ચોરી કરી ફરાર થઈ જતાં આ મામલે રેલ્વે પોલીસ દ્વારા ફરિયાદ નોંધાઈ છે.

મહારાષ્ટ્રના મુંબઈના શિવાજી નગર ખાતે રહેતા હલીમ એજાજ અંસારી રાજસ્થાનના અજમેરથી પરત મુંબઈ જવા માટે રીઝર્વેશન ટિકીટ મારફતે અજમેર–બાંદ્રાના કોચ નં–એસ/૩ સીટ નં.–૬૦,૬૧,૬૨ ઉપર પરિવારના ત્રણ લોકો સાથતે મુસાફરી કરી રહ્યા હતા તે સમયે રસ્તામાં દાહોદ તેમજ વડોદરાની વચ્ચે તેમનુ લેડીઝ પર્સ ગાયબ થઈ જતા ભારે શોધખોળ બાદ પણ જોવા નહિ મળતા લેડીઝ પર્સમાં મુકેલા ચાર મોબાઈલ અને રૂ.૫૦૦૦ રોકડા અજાણ્યા તસ્કરો દ્વારા કુલ ૫૬ હજારના રૂપિયાનો મુદ્દામાલની ચોરી કરી લઈ જતા મહિલા દ્વારા દાહોદના રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.87

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# આજે સાંજે પાંચ વાગ્યા થી ચૂંટણી પ્રચારના પડધમ શાંત થશે

૫ મોડેલ મતદાન મથકો
૫ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો
૫ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો
૩૫ સખી મતદાન મથકો

**મતદાન મથકોની સંખ્યા**

-૧૮૧ મતદાન મથક શહેરી વિસ્તાર...
- ૧૩૨૯ મતદાન મથક ગ્રામ્ય વિસ્તાર...
૧૫૧૦ કુલ મતદાન મથકો

**EVM-VVPAT સંખ્યા**

1943 BU
1943 CU
2125 VVPAT

**પંચમહાલ જીલ્લાની પાંચ બેઠકોના મતદાન સ્થળો અને બુથોની સંખ્યા...**

- ૧૧૦૯ મતદાન સ્થળોએ મતદાન યોજાશે.
- ૯૮ શહેરી વિસ્તાર.
- ૧૦૧૧ ગ્રામ્ય વિસ્તારો.

## ઉમેદવારો ખાટલા બેઠકો શરૂ કરશે

ગોધરા, ગુજરાત વિધાનસભાના બીજા તબકકાના મતદાન માટે ઉમેદવારો દ્વારા ઝંઝાવતી પ્રચાર પ્રસાર કરીને મતદારોને રીઝવવાના પ્રયાસો શરૂ કર્યા છે. આજે પાંચ વાગ્યાથી ચુંટણી પ્રચારના પડધમ શાંત થયા ઉમેદવારો મતદારો સાથે ડોર ટુ ડોર પ્રચાર અને ખાટલા બેઠકો યોજાશે.

વિધાનસભાની પંચમહાલ જીલ્લાની પાંચ બેઠકો ઉપર ૩૪ ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતર્યા છે. તમામ ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. છેલ્લા દિવસ સુધી ઉમેદવારો મતદાર સુધી પહોંચવાના તમામ પ્રયત્નો કરી જાહેર સભા યોજીને વાયદા અને વચનોની લ્હાણી કરીને મતદારોને રીઝવવામાં કઈ બાકી આવ્યું નથી. ૩ ડિસેમ્બર સાંજના પાંચ વાગ્યા સુધી ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવીને મતદારો સમક્ષ વાયદા અને વચનો સાથે મત આપવા માટે પ્રચાર કરશે. ૫ ડીસેમ્બરના રોજ યોજાનાર મતદાન પૂર્વે આજ સાંજ પાંચ વાગ્યા થી ચુંટણી પ્રચારના પડધમ શાંત થશે સાથે જ મતદાન દિવસ સુધી મતદારોને જાળવી રાખવા માટે ખાટલા બેઠકોનો દોર શરૂ થયો.

## પંચમહાલ જીલ્લાની પાંચ બેઠકના ૩૪ ઉમેદવાર માટે ૫ ડીસેમ્બરના રોજ ૧૩,૦૧,૦૪૩ મતદારો મતાધિકારનો પ્રયોગ કરશે

ગોધરા, પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો શહેરા, મોરવા(હ), ગોધરા, કાલોલ, હાલોલના કુલ ૩૮ ઉમેદવારો માટે ૫ ડીસેમ્બરના રોજ ૧૩,૦૧,૦૪૩ મતદારો મતદાન કરશે. પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક ઉપર ૬,૬૫,૧૨૨ પુરૂષ મતદારો, ૬,૩૪,૯૦૦ મહિલા મતદારો, ૧૯ ત્રીજી જાતિના મતદારો, ૧૦૦૨ સર્વિસ વોટરો, ૮૦૧૧ દિવ્યાંગ મતદારો, ૨૨,૦૬૩ સિનીયર સીટીઝન ૧૮ થી ૧૯ વર્ષના મતદારો ૩૫,૮૮૦ મતદારો પોતાના મતાધિકારોનો પ્રયોગ કરશે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક ઉપર ૧૧૦૯ મતદાન મથક સ્થળોએ યોજાશે. જેમાં ૯૮ શહેરી વિસ્તારના મતદાન સ્થળો ૧૦૧૧ ગ્રામ્ય વિસ્તારો મતદાન સ્થળોમાં ૧૫૦૧ મતદાન મથકોમાં ૧૮૧ શહેરી વિસ્તાર અને ૧૩૨૯ ગ્રામ્ય વિસ્તાર મતદાન મથકો ઉભા કરવામાં આવશે. પાંચ વિધાનસભા બેઠકો માટે ૫ મોડલ મતદાન મથકો ૫ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો, ૫ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો, ૩૫ સખી મતદાન મથક અને ૧ યુવા સંચાલિત મતદાન મથકોની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. મતદાન માટે ૧૯૪૩ (BO ), ૧૯૪૩ (CU ) EVM અને ૨૧૨૫ VVPAT મશીનોનો ઉપયોગમાં લેવાશે. જીલ્લાની પાંચ બેઠકો ઉપર ૮,૨૮૯ મતદાન સ્ટાફ ચુંટણીની ફરજ બજાવશે.

## હાલોલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ માટે રંગોળી અને આકૃતિઓ દોરવામાં આવી



ગોધરા, વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૨માં મતદાન કરવા માટે લોકોમાં જાગૃત્તિ કેળવવા અર્થે પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજલ મયાત્રાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. નાયબ નિયામક તથા નોડલ અધિકારી (PWD)ના નેતૃત્વમાં પંચમહાલ જિલ્લાની શાળાઓ ખાતે વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સફળ સંકલન દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

હાલોલ સ્થિત આદર્શ નિવાસી શાળા ખાતે, વયસ્ક અને દિવ્યાંગ મતદારોમાં જાગૃતિ અંગે વિદ્યાર્થીઓ દ્વારા ફૂલોથી રંગોળી બનાવી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ દેશહિત માટે ચાર દાન, રક્તદાન, નેત્રદાન, અંગદાન અને મતદાન શબ્દોની આકૃતિ બનાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## શહેરા તાલુકા પંચાયત કોંગ્રેસના વિરોધપક્ષના નેતા જે.પી.સોલંકીના પાસા રદ કરતાં જેલમાંથી છુટીયા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, પંચમહાલના શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી. સોલંકીને વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માંથી ટિકિટ મળે તેવી શક્યતા જોવા મળી રહી હતી. ત્યારે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જે.બી. સોલંકીનો પાસાનો હુકમ કરવામાં આવતા પાસા હેઠળ ધરપકડ કરીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવામાં આવ્યા હતા. જોકે, હાઈકોર્ટમાં પાસા રદ કરવા માટેની અરજી મુકતા હાઈકોર્ટે ફરિયાદના આધારે પાસા નહિ કરી શકાય તે માટે છોડી મૂકવાનો હુકમ કરતા તેઓ જેલ મુક્ત થયા હતા. તાલુકા વિધાનસભા બેઠક પર અંતિમ તબક્કામાં ગરમાયેલા રાજકીય માહોલ વચ્ચે જે.બી.સોલંકી જેલ મુક્ત થઈને પરત આવતા તેમના સમર્થકો દ્વારા તેમનું ફુલહાર સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસના પ્રચાર માટે રાખવામાં આવેલ જે.બી. સોલંકીની સભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને જે.બી. સોલંકીએ કોંગ્રેસને જીતાડવા માટે હાકલ કરી હતી. કોંગ્રેસ અગ્રણી જે.બી.સોલંકી એ જણાવ્યું હતું કે, મારા પર ખોટા પાસા થયા હતા. તંત્રને મારી વિનંતી છે કે, મારા જોડે જે કર્યું તેવું બીજા કોઈ જોડે કરશો નહીં જો આવું ચાલ્યું તો લોકોનો વિશ્વાસ તંત્ર પરથી ઉઠી જશે.

## પંચમહાલ મતદારો જોગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પંચમહાલ ગોધરાનો સંદેશ

ગોધરા, જિલ્લામાં લોકશાહીના સૌથી મોટા અવસર એવા ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ માટે પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૪-શહેરા વિધાનસભા મતવિભાગમાં કુલ-૨૯૩ મતદાન મથકો આવેલા છે. ૧૨૫-મોરવા હડફ (અ.જ.જા) વિધાનસભા મતવિભાગમાં કુલ-૨૫૫ મતદાન મથકો આવેલ છે. ૧૨૬-ગોધરા વિધાનસભા મતવિભાગમાં કુલ-૨૯૩ મતદાન મથકો આવેલા છે. ૧૨૭-કાલોલ વિધાનસભા મતવિભાગમાં કુલ-૩૧૬ મતદાન મથકો આવેલા છે.તથા ૧૨૮-હાલોલ વિધાનસભા મતવિભાગમાં કુલ-૩૪૭ મતદાન મથકો આવેલા છે. આમ જિલ્લામાં કુલ-૧૫૧૦ મતદાન મથકો આવેલ છે. જે મતદાન મથકો પૈકી...

ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા અને જેન્ડર ઇક્વાલીટીને પ્રોત્સાહન આપવા માટે દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૭(સાત) સખી મતદાન મથકો (આમ જિલ્લામાં કુલ ૩૫- સખી મતદાન મથકો) તૈયાર કરવામાં આવેલ છે. આ તમામ મતદાન મથકોમાં પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર, સિક્યુરીટી સ્ટાફ, સહીતનો તમામ સ્ટાફ મહિલાઓ સંચાલિત કરશે.

જિલ્લાના દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૧- મોડેલ મતદાન મથક (આમ જિલ્લામાં કુલ-૫ મોડેલ મતદાન મથકો) તૈયાર કરવામાં આવ્યા છે. જે મતદાન મથકોને વિવિધ રંગોળીથી તેમજ જુદા-જુદા રંગોથી સુશોભિત કરવામાં આવશે. તેમજ શેડ સાથેનો વેઈટીંગ રૂમ, બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા તેમજ પ્રવેશ તથા બહાર નિકળવા માટે અલગ-અલગ દ્વાર રાખવામાં આવશે. તથા સાઈન બોર્ડ તેમજ પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પંચમહાલ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં દિવ્યાંગજનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૧- દિવ્યાંગજનો સઉંઈંઘંચાલિત મતદાન મથક, (આમ, જિલ્લામાં કુલ-૫ દિવ્યાંગજનો સંચાલિત મતદાન મથકો) તૈયાર કરવામાં આવેલ છે. જે મતદાન મથકો પર તમામ સ્ટાફ જેવા કે, પ્રિસાઈડીંગ ઓફિસર,પોલીંગ ઓફિસર,તથા અન્ય સ્ટાફ તરીકે દિવ્યાંગ અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવેલ છે.

વન સંરક્ષણ અને પર્યાવરણની સુરક્ષાની જાળવણી માટે જિલ્લામાં વિધાનસભા મતવિસ્તાર દિઠ-૧ ગ્રીન (Eco friendly) મતદાન મથકો, આમ જિલ્લામાં કુલ-૫ ગ્રીન (Eco friendly) મતદાન મથક તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કોઈપણ પ્રકારના પ્રતિબંધિત પ્લાસ્ટીક મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવશે નહી.

ચૂંટણી પ્રક્રિયામાં યુવાઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૭-કાલોલ વિધાનસભા મતવિભાગમાં ૧- યુવા મતદાન મથક તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સમાવિષ્ટ તમામ સ્ટાફ જેવા કે, પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર, તથા અન્ય સ્ટાફ ૨૫-૩૦ વર્ષની વય ધરાવતા યુવાઓ હશે.

વિશેષમાં પંચમહાલ જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક ખાતે વ્હીલચેર, મતદાન પ્રક્રિયા બાબતે કોઈ દિવ્યાંગ મતદારને મુશ્કેલી પડે તો તે માટે મતદાન મથક ખાતેથી વિડીયો કોલીંગના માધ્યમથી સાઈન લેંગ્વેજના નિષ્ણાંત દ્વારા તેઓને સમજ કરવામાં આવશે. તેમજ દિવ્યાંગ મતદારોને સહાયકની સેવાઓ પુરી પાડવામાં આવશે. જિલ્લામાં તમામ મતદાન મથકો પર રેમ્પ, પીવાનું શુદ્ધ પાણી, ટોયલેટ, સાઈન બોર્ડ વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તો, આવો આપણે સૌ આ લોકશાહીના આ અવસરમાં તા.૦૫/૧૨/૨૦૨૨ (સોમવાર)ના રોજ મતદાનના દિવસે પોતાનો અમૂલ્ય ફાળો આપી, મતદાન અવશ્ય કરીએ અને લોકશાહીના આ અવસરને સૌ સાથે મળી વધુ સફળ બનાવીએ તેમ જિલ્લા ચૂંટણી અધિકારી પંચમહાલ સુજલ મયાત્રા મતદારો જોગ સંદેશો પાઠવે છે.

**“મારો મત એ મારૂં ભવિષ્ય-એક મતની તાકાત**

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પંચમહાલ”**

## દિવ્યાંગ વ્યક્તિઓ પ્રત્યે સમાજમાં જાગૃતિ ફેલાય તથા વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વધુમાં વધુ મતદાન નોંધાય તેવા ઉમદા હેતુથી ગોધરા ખાતે રેલીનું કરાશે આયોજન

ગોધરા, ‘વિશ્વ દિવ્યાંગ દિવસ’ નિમિત્તે દિવ્યાંગ વ્યક્તિઓ પ્રત્યે સમાજમાં જાગૃતિ ફેલાય તથા વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વધુમાં વધુ મતદાન નોંધાય તેવા ઉમદા હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ગાંધી સ્મારક, ગાંધી ચોક, ગોધરા ખાતે તારીખ ૦૩/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૧૦ વાગ્યે જિલ્લા નાયબ નિયામક અને ડ્ઠઉ નોડલ અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તથા વયસ્ક મતદારોના વરદ્દહસ્તે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૯૦ જેટલા દિવ્યાંગ વ્યક્તિઓ ભાગ લેશે. આ રેલી ગાંધી ચોક, પાંજરાપોળ, ચિત્રા રોડ, વિશ્વકર્મા ચોક, સીટી બેંક, નગરપાલીકા, પાંજરાપોળ થઈને ગાંધી ચોક ખાતે વિસર્જન કરવામાં આવશે. સમગ્ર રેલીના આયોજનનું માર્ગદર્શન PWD નોડલ ઑફિસર અને PWD આસિસ્ટન્ટ નોડલ ઑફિસર થકી કરાશે, તેમ ગાંધી સ્પેશયલ બહેરા-મૂંગા વિદ્યાલય ગોધરાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ઝાલોદ તાલુકા વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારો દ્વારા મતદાતાઓ સુધી ડોર ટુ ડોર પ્રચાર અંતિમ ચરણમાં

ઝાલોદ, ઝાલોદ તાલુકામાં ૦૫-૧૧-૨૦૨૨ના રોજ યોજાનાર વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર તારીખ ૦૩-૧૧-૨૦૨૨ નાં રોજ સાંજે ૫ વાગે નિયમ મુજબ બંધ થઈ જશે. ત્યારબાદ સહુ ઉમેદવાર ડોર ટુ ડોર મતદાતાઓ સુધી પહોંચી પોત પોતાની બાજુ મતદાન કરવા વધુ સક્રિય થશે. આચાર સંહિતા મુજબ ૩ તારીખે સાંજે પાંચ વાગ્યા પછી કોઈ પણ પાર્ટી દ્વારા જાહેર સભા, માઈક દ્વારા પ્રચાર, કોઈ પણ જાતની રાજકીય રેલી યોજવા પર પ્રતિબંધ મુકાઈ જનાર છે, એટલે હવે ઉમેદવારો દ્વારા છેલ્લા ટાઈમ સુધી મતદાતાઓ સુધી પહોંચી જીતવા માટે મરણીયા પ્રયાસો કરાઈ રહ્યા છે. ઉમેદવારો માટે સૌથી મોટો પ્રશ્ન મતદાન વધુમાં વધુ કરાવાનો છે. જેથી ઉમેદવારો પોતાની જીતની ગણતરી પાકી કરી શકે જેટલું ઓછું મતદાન થાય તે લીડ થી જીતનાર ઉમેદવારને નુકશાન કરી શકે એટલે ઉમેદવારો દ્વારા મીટિંગોનો દોર ચાલુ થઈ ગયો છે અને વધુમાં વધુ વોટિંગ કરાવવા માટે મતદાતાઓને અપીલ કરાઈ રહી છે. ઓછું મતદાન થવાથી કયા રાજકીય પક્ષને વધુ નુકશાન થશે તે કલ્પી શકાય તેમ નથી. હાલતો ઝાલોદ તાલુકામાં ત્રિપાંખીયો જંગ જામી રહેલ છે અને દરેક પાર્ટીના ઉમેદવારો પોતાની જીતના દાવા મૂકી રહ્યા છે. જેથી ઓછું મતદાન થાય તે કોઈ પણ પાર્ટીને નુકસાન કરી શકે તેમ છે. જેથી દરેક રાજકીય પક્ષ મોટા પ્રમાણમાં મતદાતાઓ મત આપવા આવે તેના માટે પ્રયાસો કરી રહ્યા છે. હમણાં સોશિયલ મીડિયા દ્વારા દરેક પાર્ટીઓના પ્રચાર ધૂમ મચાવી રહ્યાં છે. જેમકે વોટ્સપ, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર દ્વારા ગ્રુપ બનાવી દરેક ઉમેદવારો પોતાનું પક્ષ મૂકી પ્રચાર કરતા જોવા મળી રહ્યા છે. તેમજ લોકશાહીના મહાપર્વને પ્રથમ ચરણમાં થયેલ મતદાન કરતા વધુ મતદાન કરવા માટે પણ લોકોને અપીલ કરવામાં આવી રહી છે. લોકશાહીના આ દેશમાં રાષ્ટ્રસર્વોપરી રાખવા, દેશ હિતમાં, રાષ્ટ્રના નવ નિર્માણ માટે, શિક્ષણ માટે, નવયુવાનોમાં નવાં યુગના નિર્માણ માટે લોકશાહીના યુગમાં રાષ્ટ્રને મજબૂત કરવા વધુમાં વધુ પ્રમાણમાં મતદાન થાય તે માટે સોશિયલ મીડિયા, ચૂંટણી પંચ દ્વારા તેમજ ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારો દ્વારા મતદાતાઓને વધુમાં વધુ પ્રમાણમાં મતદાન કરવા સંદેશો આપતા જોવા મળી રહ્યા છે.

## ભાજપના ઉમેદવારનું જાહેર સભામાં બોગસ મતદાન કરજો તેવુ કેહતો વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ



ગોધરા, પંચમહાલ જીલ્લાની કાલોલ ૧૨૭ વિધાનસભા બેઠક્ના ભાજપના ઉમેદવારે એક જાહેર સભાને સંબોધી રહયા હતા. ત્યારે તેઓ દ્વારા તે જાહેર સભામાં ખુલેઆમ બોગસ મતદાન કરવાનું જાહેરમાં કહી રહયા છીએ અને તેવું પણ કહેવામાં આવ્યું હતું કે, ઝાડુ વાળાને કહેજો ગુજરાતની બહેનોને બે હજાર મફત આપવાનું કહ્યું તો દિલ્લી અને પંજાબને કેમ ના આપીયુ આ લોકો ઉલ્ટુ ઉલ્ટુ બનાવવા આવ્યા છે. ચાઠા ચાઠી બોર ખાન પાટલાની પિકપો આવશે, જે ગામની હોય તેને કહીદો અમારા આગેવાન પાસેથી ૧૫૦૦ રૂપિયા ભાડું લઈલે કોઈએ ખોટા પૈસા ખર્ચવાના નથી. બોગસ વોટિંગ કરજો જે કરવાનું થાય તે કરજો અને એવું પણ કહેવામાં આવ્યું છે કે ઝાડુ વાળા અને કોંગ્રેસીઓને બાંધી દો અને એવું પણ કહયુ હતું કે દિલ્લી અને પંજાબમાં કેજરીવાલની સરકાર છે અને ત્યાં મહિલાઓને કાઈ આપીયું નથી અને ગુજરાતની મહિલાઓને મફત આપવાની વાત કરે છે. જેનો વિડયો સોશિયલ મીડિયામાં પણ ખૂબ વાયરલ થઈ રહયો છે. ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારે ચૂંટણી અધિકારી સમક્ષ લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ ભાજપના ઉમેદવારે જાહેર સભામાં પોતાના ભાષણમાં બોગસ મતદાન કરજો જે કરવાનુ થાય તે કરજો તેવો વિડિઓ વાઈરલ થયો છે. ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા ચૂંટણી અધિકારીને લેખીતમાં ફરિયાદ કરીને જણાવ્યું હતું કે, બોગ્સ મતદાન રોકવા માટે તથા મતદારો દબાણ વગર મતદાન કરવા માટે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને વધુમાં ચૂંટણી આચાર સહિતાનો ભંગ કરવામાં આવી રહયો છે. જેથી આચાર સહિતાનો ભંગ કરવા બદલ તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. જેથી લોક્શાહીનું ગળું દબાવવાનું કોશિષ થઈ રહી છે. ત્યારે હવે જોવું રહયુ કે,ચૂંટણી અધિકારી દ્વારા કયાં પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે જોવું રહયું અને કાલોલ વિધાનસભા બેઠકના તમામ વોટરોને લોકશાહીની ઢબે વોટીંગ કરવા મળશે કે પછી આવા દબંગાઈઓની દબાણમાં આવવું પડશે તે જોવું રહયું.

### ગોધરા વિધાનસભાના મતદાન પહેલા

## વાવડી(બુ) પંચાયતને નગર પાલિકામાં ભેળવવાના મુદ્દે સોશ્યલ મીડીયામાં પત્રિકા વાયરલ થતાં રાજકારણ ગરમાવ્યું

ગોધરા, બીજા તબકકાની ચુંટણી માટે ૫ ડીસેમ્બરના રોજ મતદાન થનાર છે. ત્યારે ગોધરા વિધાનસભા બેઠકના મતદાન પહેલા વાવડી(બુ) ગ્રામ પંચાયતને નગર પાલિકામાં ધકેલી દેનારને મત આપતા પહેલા મતદારો ચિંતન કરે તેવી પત્રિકા સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં રાજકીય ગરમાવો આવ્યો છે.

૩ ડીસેમ્બરના રોજ ૫ વાગ્યાના સમયે બીજા તબકકાના મતદાન પહેલા ચુંટણી પ્રચારના પડઘમ સમી જશે અને ઉમેદવારો ખાટલા બેઠકો કરીને મતદાનના ગણિત બેસાડવા વ્યસ્થ થશે તેવા સમયે ગોધરા વિધાનસભા બેઠક વિસ્તારના ઉમેદવાર વિરૂદ્ધ સોશ્યલ મીડીયામાં પત્રિકા ફરતી કરાઈ છે. આ પત્રિકામાં ૫ ડીસેમ્બરના રોજ મતદાન કરતાં પહેલા મતદારોને વાવડી (બુ) ગ્રામ પંચાયતનો નગર પાલિકામાં સમાવેશ કરવામાં આવી છે. પહેલા પંચાયતને સમરસ થતા રોકી, પંચાયતમાં એકબીજા સાથે રાજકીય દુશ્મની ઉભી કરનાર કોણ, છેલ્લા ૭ વર્ષથી હાઈકોર્ટમાં સ્ટે ચાલતો હતો. તે રાજકીય વગનો દુરઉપયોગ કરી સ્ટે ઉડાવ્યો તે કોણ, સાથે ગોધરા પાલિકા નજીકની ગ્રામ પંચાયતનો જાફરાબાદ, ગોવિંદી, લીલેસરા અને હમીરપુરને પાલિકામાં ભેળવવાની ગતિવીધી કરનાર કોણ તેનું ધ્યાન રાખીને મતદારો મતદાન કરે તેવી પત્રિકા સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં રાજકારણમાં હડકંપ મચી જવા પામ્યો છે.